Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

ઑગસ્ટ ૨૦૨૦ * વર્ષ ૩૫ * અંક ૫



## જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત થવું એ જ સાચી સ્વતંત્રતા !



**બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ**
(પ.પૂ. દાદુભાઈ નાથાભાઈ પટેલ)
પ્રાગટ્યમંગલ... ૧૨ જૂન ૧૯૧૮થી આજપર્યંત

**બ્રહ્મસ્વરૂપ પપ્પાજી મહારાજ**
(પ.પૂ. બાબુભાઈ નાથાભાઈ પટેલ)
પ્રાગટ્યમંગલ... ૧ સપ્ટેમ્બર ૧૯૧૬થી આજપર્યંત



# હે કાકાજી !
# હે પપ્પાજી !
# આપનાં પ્રાગટ્યે વંદન !
# પ્રણામ !

## હે કાકાજી ! હે પપ્પાજી !

આપનાં પ્રાગટ્યે વંદન ! પ્રણામ !
આપે યોગીજીને ઓળખ્યા... ઓળખાવ્યા
આપે યોગીજીને પરમાત્મસ્વરૂપે સ્વીકાર્યા
આપે યોગીજીને શ્રીજીસ્વામીરૂપ માન્યા... ધાર્યા
આપે યોગીજીમાં સમગ્રનાં સમર્પણ ધર્યાં
આપે યોગીનાં સૌને પોતાનાં માની પ્રેમ વહાવ્યો
આપે યોગીનાં સૌને સ્વરૂપલક્ષી જીવતાં શીખવ્યું
આપે યોગીસંબંધી સૌને યોગીસ્વરૂપ માન્યાં
આપે યોગીનાં સૌને માહાત્મ્યેયુક્ત ભક્તિ સમજાવી
આપે યોગીનાં સૌને સાચી શુદ્ધ ઉપાસના દૃઢ કરાવી
આપે યોગીનાં સૌને માથાના મુગટ માન્યાં
આપે યોગીનાં સૌની ભક્તિ કરી સાચા ભક્ત બનાવ્યાં
આપે યોગી અને શ્રીજી-સ્વામીની એકતાનાં દર્શન કરાવ્યાં
આપે સૌને યોગીમાં કુરબાની ધરવા સમજ આપી – પ્રેર્યાં
આપે સૌને યોગીના સિદ્ધાંતે જીવવા બળ પૂર્યાં
આપે સૌને સુહૃદભાવ એકતાના પાઠ ભણાવ્યા
આપે સૌને શ્રીજીની શાશ્વત પ્રત્યક્ષતાના અનુભવ કરાવ્યા
તેથી સ્તો... અમે ફાવી ગયાં... ધન્ય થયાં.
આપની કૃપાએ અમને સૌને યોગીજી-સાહેબજીની એકતા સમજાઈ
આપની કૃપાથી પ્રગટ પ્રત્યક્ષ સૌ સ્વરૂપો સાહેબજીમાં દર્શાયાં
અમે યોગીનાં... અમે આપનાં... અમે સાહેબજીનાં મનાઈ ગયું
અમે સાહેબજીના દાસ... સાહેબજીનાં સૌના દાસ માની આનંદીએ છીએ
અમે આપને વારંવાર વંદન ધરી, કૃતાર્થ થઈએ છીએ. ◆

સાધુ શાન્તિદાસના
જય સ્વામિનારાયણ.

*૧૧.૮.૨૦૨૦, બ્રહ્મજ્યોતિ, મોગરી*



# અમારા સહુના વ્હાલા હે શાંતિદાદા !



**અમારા સહુના**
**વ્હાલા હે શાંતિદાદા !**

જેમ, માનસરોવરના
પરમ પવિત્ર જળમાં
નીલ આકાશનું પ્રતિબિંબ ઝિલાય છે,
તેમ, તમારા પરમ પવિત્ર અંતરમાં
સાહેબજીનું સાંગોપાંગ પ્રતિબિંબ ઝિલાય છે !

જેમ માનસરોવરના ચોખ્ખા જળમાં, આરપાર દેખાય છે,
તેમ, તમારી આંખોમાં આરપાર જોઈ શકાય છે !



જેમ, માનસરોવરનું જળ
પરમ પવિત્ર છે,
તેમ, તમારા સાંનિધ્યમાં
પવિત્રતા જ અનુભવાય છે.

ઓ પરમહંસ શાંતિદાદા !

જેમ, હંસ ઊંચે આકાશે વિહરે છે,
તેમ તમે પણ
ખૂબ ઊંચી ભૂમિકામાં જ રહો છો !

જેમ, હંસની ગતિ એકધારી હોય છે,
તેમ, તમારી દિવ્ય અધ્યાત્મયાત્રા પણ અવિરત છે !
જેમ, અધ્યાત્મ આકાશે હંસ આત્માનું પ્રતીક છે,
તેમ, અધ્યાત્મમાં તમે આત્મસ્વરૂપ છો !
જેમ, એક હંસમાં જ દૂધ અને પાણીને જુદાં કરવાની શક્તિ છે,
તેમ, તમારામાં કેવળ અને કેવળ સૌના ગુણોને જ જોવાની દૃષ્ટિ છે !




જેમ, હંસ કેવળ મોતીનો જ ચારો ચણે છે,
તેમ, તમે કેવળ સાહેબજીને જ
રાજી કરવા જીવો છો !

ઓ માનસના રહેવાસી શાંતિદાદા !

જેમ, હંસ માનસરોવરનો વાસી છે,
તેમ, તમે સાહેબજીની મૂર્તિમાં નિવાસી છો !
જેમ, હંસ પરમ શાંતિનું પ્રતીક છે,
તેમ, તમે પરમ શાંતિ પ્રદાતા છો !



ઓ પ્રગટ પ્રભુના
પ્રિય દિવ્ય સ્વરૂપ શાંતિદાદા !



તમારા પ્રાગટ્યદિને
પ્રગટાવો ઝંખના અમ હૃદયે
તમારા આશીર્દાનની, કૃપાની,
ઝિલાય અમ અંતરમાં
પ્રભુમૂર્તિ જીવંત,
સર્વત્ર પ્રભુદર્શન જીવંત !

ઓ પરમ પવિત્ર,
પરમ શાંત, પરમહંસ શાંતિદાદા !

તમારા પ્રાગટ્યદિને
અનંત વંદન સહ
દંડવત પ્રણામ સાથે
જય શ્રી સ્વામિનારાયણ ! ◆

**~સુચેતાબહેનની પ્રાર્થનાના સંપાદિત અંશ**



### સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**સત્સંગ સંવર્ધન કેન્દ્ર દ્વારા આયોજિત 'સક્રિય કાર્યકર શિબિર'માં આશીર્વાદ,**
**૨૨ એપ્રિલ ૨૦૧૮, રવિવાર, 'નિજાનંદ' રિસોર્ટ, વાંસખીલિયા, ખાંધલી, આણંદ**

**તાજેતરમાં સંતભગવંત પરમ પૂજ્ય સાહેબજીની અનુવૃત્તિ સમજી 'સત્સંગ સંવર્ધન કાર્યાલય' દ્વારા 'અક્ષરવૃંદ'ની પ્રવૃત્તિ આપણા સૌ માટે ઉપાસનાના સિદ્ધાંતો સમજી, તેને જીવન આચરણમાં મૂકી, પ્રગટ ગુરુહરિના આશીર્વાદ પામી ધન્ય થવા શરૂ થઈ છે. તે મંગલ સમયમાં આપણા વહાલા ગુરુવર્ય પરમ પૂજ્ય સાહેબજીનું આ આશીર્વાદ પ્રવચન સમજી, મનન કરવા જેવું છે. તેને વારંવાર વાંચી, આત્મસાત્ કરવા દૃઢાવ કરી, આપણે સૌ સાહેબદાદાની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરી લઈએ તે ભાવે અત્રે સમાવ્યું છે.**

**એક** દિવસની અદ્‌ભુત શિબિર થઈ ! સૌના હૃદયમાં ભગવાનને રાજી કરવાની જે ભક્તિ છે, હૈયામાં જે ઉમંગ છે, ઉત્સાહ છે એ માટે બધા કાર્યકર્તાઓને ખૂબ ખૂબ ધન્યવાદ ! આપણામાં ટાઈમિંગની અને ડ્રેસકૉડની એક ડિસિપ્લિન-શિસ્ત આવી એ માટે પણ બધાને અભિનંદન ઘટે ! યોગીજી મહારાજને આ બહુ ગમતું. ભગવાન સર્વોપરી છે, તો ભક્તો પણ સર્વોપરી હોવા જોઈએ. જેમ હાથીનું બચ્ચું મદનિયું જન્મે ત્યારથી જ પઠ્ઠા જેવું હોય. એમ, સર્વોપરી પ્રભુના આશ્રિતો નિયમ-ધર્મમાં, શિસ્તમાં, જે આદેશ આવે એને ફૉલૉ કરવામાં ને સમજદારીપૂર્વક વર્તવામાં સર્વોપરી હોય. ખરેખર આજે એનું દર્શન થયું.

સ્વામિનારાયણ ભગવાનને પ્રગટ થયે બસો ને સાડત્રીસ વર્ષ થયાં. સંવત ૧૮૩૭માં પ્રગટ થયા, પણ રિયલ સ્વામિનારાયણ સંપ્રદાય શાસ્ત્રીજી મહારાજે, યોગીજી મહારાજે શરૂ કર્યો. ભેળસેળ વગરનું શુદ્ધ ઉપાસનાનું જે જ્ઞાન એ હવે સમાજમાં સ્થિર થયું, સ્થાપિત થયું ને એ સમજવા માટે જ આપણે ભેગાં થયાં છીએ.

ગુણાતીતાનંદ સ્વામીએ 'વાત'માં પોતે કહ્યું કે, કોઈ ગમે એટલો તપસ્વી હશે, વ્રત, ઉપવાસ, ધારણાંપારણાં અને જેની કલ્પના પણ ના થાય એવું તપ કરતો હશે. વૈરાગી હશે-એને કાંઈ ના જોઈએ. જ્ઞાની હશે-વેદ, ઉપનિષદ, શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં પ્રવચનો કડેડાટ કરી લાખોની મેદનીને પકડી રાખે એવી એની વક્તૃત્વકળા હશે; પણ જો ઉપાસનાની શુદ્ધિ નહીં હોય તો એનો નંબર અક્ષરધામમાં નથી. અને હાલોપોલો હશે, પરણેલો હશે; પણ જો શુદ્ધ ઉપાસના હશે તો એનો પ્રવેશ અક્ષરધામમાં છે. ગુણાતીતાનંદ સ્વામીએ શુદ્ધ ઉપાસનાનું એટલું બધું માહાત્મ્ય કહ્યું છે.

સ્વામિનારાયણ ભગવાન પોતે કહેતા કે, કારણ રૂપ જે અંધકાર, એમાંથી બહાર કાઢી, પ્રકાશિત કરી, જન્મ-મરણના ચકરાવામાંથી બહાર કાઢવા, જીવનું મૂળ અજ્ઞાન ટાળવા અને છતે દેહે અક્ષરધામનાં સુખ-શાંતિ ને આનંદ ભોગવતા કરવા માટે અમારો જન્મ થયો છે, અમે આ લોકમાં આવ્યા છીએ. અને એના માટે અમે સાથે મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને લાવ્યા છીએ. અમારે રહેવાનું અક્ષરધામ એ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી ! એમણે ઠેર ઠેર આનો ઉલ્લેખ કર્યો અને ઘણી વાતો કરી, 'સાધુને ઓળખો તો જ મારા પારને તમે પામશો. સાધુમાં જોડાશો તો જ મોક્ષનો દરવાજો ખુલ્લો થશે.' વચનામૃતના પાને પાને એમણે સંતનો મહિમા કહ્યો. તેમણે આ બધી વાતો કહી, પણ પકડી ના શકાઈ.

ભગતજી મહારાજે ખરેખર આપણા ઉપર ખૂબ ઉપકાર કર્યો, કૃપા કરી અને એનાથી વિશેષ ગોપાળાનંદ સ્વામીએ ભગતજી મહારાજ ઉપર કૃપા કરી ! ગોપાળાનંદ સ્વામી પોતે અષ્ટાંગ યોગી હતા, યોગીપુરુષ, સિદ્ધપુરુષ, વચનસિદ્ધ પુરુષ હતા. સ્વામિનારાયણ ભગવાનની અનન્ય કૃપાનું તેઓ પાત્ર હતા. બંને દેશની ગાદીના આચાર્યથી ઉપર વડા હતા. ભગતજી મહારાજ, જાગા સ્વામી, શિવલાલ શેઠ બધા જ ગોપાળાનંદ સ્વામીમાં અસાધારણ પ્રેમથી જોડાયેલા હતા, તેઓ વગર રહી ના શકે એટલા તેમના હેતમાં તરબોળ હતા. એ બધા એમના જે પાંચ-પચ્ચીસ ખરેખરા અંતેવાસી ભક્તો હતા; એમને તેઓએ કહ્યું કે, 'હું દેહ મૂકવાનો છું. મેં તમને જે જે કોલ આપ્યા છે, વચન આપ્યાં છે એ જૂનાગઢના જોગી પૂરાં કરશે. એમની પાસે જઈને રહેજો, એમને રાજી કરજો.' ગુણાતીતને ઓળખાવ્યા ગોપાળાનંદ સ્વામીએ. તેઓ મુક્ત અવસ્થાને પામી ગયા હતા, એટલે આપણે ગુણાતીતની સાથે ગોપાળાનંદ સ્વામીની અનાદિ મહામુક્ત તરીકે મૂર્તિ પધરાવી છે.

ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી ભગતજી મહારાજે ગુણાતીતનું સેવન કર્યું, ગુણાતીતની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરી. ગુણાતીત એ મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે એની ખરેખર અનુભૂતિ કરી, સાક્ષાત્કાર કર્યો અને ખડેચોક કહેવા લાગ્યા. તેઓએ બહુકષ્ટ સહન કર્યાં. ભગતજી સફેદ કપડાંમાં હતા, પોતે દરજી હતા. સંસ્કૃત કે એવું ભણેલા નહોતા, પણ પ્રભુધારક સંત હતા એટલે એમનો પ્રભાવ બહુ ઊભો થયો. પણ, શું થાય ? એ ખૂણિયું જ્ઞાન કહેવાતું. ખૂણિયું જ્ઞાન એટલે આટલી મોટી સભા છૂટે પછી બે-પાંચ જણા ખૂણામાં બેસીને ગુસપુસ વાતો કરે, કોઈ સાંભળે નહિ તેવી રીતે વાતો કરે; નહીં તો દંડા પડે એવું હતું. એટલે ભગતજી મહારાજના વખતમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની જે વાતો બે-પાંચ-પચ્ચીસ જણ વચ્ચે થાય એને બધા 'ખૂણિયું જ્ઞાન' કહેતા. જાહેરસભામાં એ વાત થાય એવી નહોતી. પણ ભગતજી મહારાજની દૃષ્ટિ આરપાર જોનારી હતી, આત્માને ઓળખનારી હતી. એમણે શાસ્ત્રીજી મહારાજને જોયા ને પસંદ કર્યા.

જાણીતી વાત છે કે, ૧૮-૨૦ વર્ષના યુવાન સાધુને સુરતમાં જોયા એટલે ભગતજી મહારાજે કહ્યું, 'યજ્ઞપુરુષ ! સ્વામિનારાયણના સત્સંગી છો ?' શાસ્ત્રીજી મહારાજ કહે, 'ભગતજી મહારાજ આપ કેવી વાત કરો છો ? સત્સંગી નહીં, સ્વામિનારાયણનો ભગવાંધારી સાધુ છું. કેમ આમ બોલો છો ?' ત્યારે ભગતજી કહે, 'ના ! તમે નારાયણના સત્સંગી છો, સ્વામિનારાયણના નથી. ગુણાતીતાનંદ સ્વામીને મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર માન્યા વગર, ગુણાતીતાનંદ સ્વામીનો મૂળ અક્ષરબ્રહ્મ તરીકે સ્વીકાર કર્યા વગર કોઈ સ્વામિનારાયણનો ભગત થઈ જ ના શકે.' પછી તેમણે ગુણાતીતાનંદ સ્વામીના મહિમાની વાતો કરી.

પછી આપણે જાણીએ છીએ આખો પ્રસંગ અને ભગતજી મહારાજ તથા વિજ્ઞાનાનંદ સ્વામીનો સંવાદ, જે શાસ્ત્રીજી મહારાજે ઢોલિયા નીચે સંતાઈ જઈને સાંભળ્યો. વિજ્ઞાનાનંદ સ્વામીએ ભગતજી મહારાજને કહ્યું, 'ભગતજી મહારાજ તમે વાત કરો છો તે સો ટકા સાચી છે. અમને પરમહંસોને, સંતોને સ્વામિનારાયણ ભગવાને ઘણી વખત કહ્યું છે કે, અમારું અક્ષરધામ એ ગુણાતીતાનંદ સ્વામી, એ મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે. અમે અક્ષરધામમાંથી એમને સાથે લઈને આવ્યા છીએ. જીવોનું મૂળ અજ્ઞાન, કારણદેહ બાળી અક્ષરરૂપ થવાની સાધના કરવા માટે એમની જરૂર હતી એટલે એમને લઈને આવ્યા છીએ.' આ બધા પ્રસંગો કહ્યા એટલે શાસ્ત્રીજી મહારાજ ઢોલિયાની નીચેથી બહાર નીકળ્યા. પછી વિજ્ઞાનાનંદ સ્વામી કહે, 'ભગતજી મહારાજ જે વાત કરે છે એ સો ટકા સાચી છે. પણ ત્યારે સ્વામિનારાયણ ભગવાનને 'સર્વોપરી' કહેવાનું મુશ્કેલ હતું, તો આ વાત તો કેવી રીતે કરી શકાય ?'

ગોપાળાનંદ સ્વામી બીમાર પડ્યા. તેઓ અષ્ટાંગયોગી પુરુષ હતા, મૃત્યુંજય-મૃત્યુ પર વિજય મેળવેલો, પણ એમણે સંકલ્પ કર્યો કે, મારે હવે રહેવું નથી, દેહ છોડી દેવો છે. મહારાજને પ્રાર્થના કરી કે, મને લઈ જાવ. સ્વામિનારાયણ ભગવાને એમને દર્શન દઈને કહ્યું, 'હે ગોપાળાનંદ સ્વામી ! ગુણાતીતાનંદ સ્વામીએ અમારું જેવું સર્વોપરીપણું પ્રવર્તાવ્યું છે એવું સર્વોપરીપણું તમે હવે ગુજરાતના સત્સંગમાં પ્રવર્તાવો.' ગોપાળાનંદ સ્વામી શ્રીજી મહારાજના સર્વોપરીભાવને જાણતા હતા, પણ સમાજ તૈયાર નહોતો તેથી વાતો નહોતા કરતા, હવે શ્રીજી મહારાજની આજ્ઞા થઈ. એ પછી ઉમરેઠમાં મોટી સભા થઈ. ત્યારે ઉમરેઠ એ બ્રાહ્મણોનું ગામ, સંસ્કૃત ભણવા માટે સૅન્ટર હતું. ત્યાં મોટી સભા થઈ ત્યારે ગોપાળાનંદ સ્વામીએ સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરીપણાનો અપરંપાર મહિમા ગાયો. તો ભેખધારી સાધુઓને અને હરિભક્તોને ઝાડા થઈ ગયા. વિચાર કરો તમે ! કેટલું બધું આકરું લાગ્યું બધાને ? પણ કોઈનીય સાડાબારી રાખ્યા વગર છડેચોક ગોપાળાનંદ સ્વામીએ સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરીપણાની વાતો કરી પછી મહારાજ એમને ધામમાં લઈ ગયા.

એટલે વિજ્ઞાનાનંદ સ્વામીએ કહ્યું કે, 'ત્યારે સ્વામિનારાયણ ભગવાનને 'સર્વોપરી' કહેવા એ જ અઘરું હતું. એમાં વળી અમે જો મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાત કરીએ તો ભક્તો મને ઊંચકીને મારા ગામમાં જ મૂકી આવે, અહીં રહેવા પણ ના દે; એટલે અમે નહોતા બોલતા.' તે જ વખતે શાસ્ત્રીજી મહારાજે સંકલ્પ કર્યો કે, હવે મારા જીવનનો ધ્યેય શુદ્ધ ઉપાસના માટે હશે. શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ આપણે જોઈએ છીએ, એમાંથી કેટલું બધું અદ્‌ભુત કામ થયું !

સર્વોપરી પ્રભુના આશ્રિતો
નિયમ-ધર્મમાં, શિસ્તમાં,
જે આદેશ આવે એને ઝીલી કરવામાં ને
સમજદારીપૂર્વક વર્તવામાં
સર્વોપરી હોય.





**સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ<br>એટલે માયાનું લેયર ખસ્યું,<br>આત્મામાં રહેલું અજ્ઞાન ટળ્યું,<br>અંધકાર ટળ્યો તો આત્મા પ્રકાશિત થઈ ગયો.<br>આત્મા બ્રહ્મરૂપ થયો.**

શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવાની શરૂઆત થઈ ત્યારથી જ સ્વામિનારાયણ સંપ્રદાયની ખરેખર શરૂઆત થઈ એમ કહીએ તો ચાલે. સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ. સ્વામી એવા મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી. એમના સાધર્મ્યપણાને પામો, એ રૂપ થાઓ તો જ ભગવાનની સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. મૂર્તિ સામે બેસીને પૂજા કરો એ તો ક્રિયાકાંડ છે. ખરેખર એમની પૂજાનો અધિકાર પ્રાપ્ત કરવો હોય તો મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો સ્વીકાર કરો અથવા મૂળ અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામેલા એવા સાધુમાં આત્મબુદ્ધિ ને પ્રીતિથી જોડાવ. અધિકાર કયો પ્રાપ્ત થાય છે ? પૂજા કરીએ, પ્રાર્થના કરીએ, કથા કરીએ – આ તો છે જ, પણ ભગવાનની સેવાનો અધિકાર માનવમાત્રને શુદ્ધ કરીને ભગવાનમાં જોડવા એ શ્રેષ્ઠ સેવા છે; એમને એ અધિકાર આપણને આપવો છે. એના માટે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના સમજવી પડે.

શાસ્ત્રીજી મહારાજ ખૂબ કાર્યરત હતા અને તેમણે થોડાં થોડાં વર્ષના અંતરે બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા, ગઢડા તીર્થોમાં મોટાં મોટાં શિખરબંધ મંદિરોમાં મધ્યમંદિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને બિરાજિત કરી, આ શુદ્ધ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પાતાળે પાયા નાંખવા હતા; એટલે નાણાં, માણાં, દાણા, પાણા માટે ખૂબ જ દોડાદોડી રહેતી. તેમાં થોડા સંતો અને ભક્તો, થોડા પણ ખરેખરા સમર્પણવાળા હતા, પણ દોડાદોડીમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પાસે બેસી વાતો સાંભળવાનો સમય નહોતો. શાસ્ત્રીજી મહારાજ સમયાંતરે પારાયણો નિમિત્તે વાતો કરતા, પણ બધા જ ન જોડાઈ શકતા; તેથી ભક્તો એમની સાથે રહેતા હતા તોય શાસ્ત્રીજી મહારાજ કેટલું મોટું મિશન લઈને કામ કરી રહ્યા છે એનો કોઈને ખ્યાલ નહોતો. શાસ્ત્રીજી મહારાજે મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી ને તે દ્વારા અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને સનાતન બનાવી. ૧૯૫૧માં જ્યારે તેઓએ દેહ છોડ્યો એ જ મિનિટથી યોગીજી મહારાજે એ ઉપાસના સૌ માનવના હૃદયમાં સ્થાપિત કરવાનો યજ્ઞ આરંભ્યો. એ માટે એમણે યુવાનોને પકડ્યા, કાકાજી, પપ્પાજી, હર્ષદભાઈ જેવા દિવ્ય પુરુષોને જોડ્યા.

અમે અત્યારે અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ, વી.એસ. ને બધા જે કંઈ ભક્તિ કરીએ છીએ, એ યોગીજી મહારાજની કૃપાદૃષ્ટિ અને મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, કાકાજી, પપ્પાજીનો યોગ પ્રાપ્ત થયો એને આભારી છે; એમણે હસતાં રમતાં શુદ્ધ ઉપાસના સમજાવી. એની ફલશ્રુતિ રૂપ સંસારમાં જવામાં અસમર્થ બની ગયા, એમની પ્રસન્નતા પ્રાપ્ત થઈ. તમે સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ ને પ્રીતિથી જોડાવ એટલે તમારો આત્મા બ્રહ્મરૂપ થયો. અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, હર્ષદભાઈ સાથે તમે જોડાવ અને આ બધા કોઈ ને કોઈ સાધુ વિશે તમને પ્રેમ થવો જોઈએ. આત્મબુદ્ધિ ને પ્રીતિ અને અંદરથી એમ થવું જોઈએ કે, હું તમારો ને તમે મારા; તો આત્મા બ્રહ્મરૂપ થાય. તો આત્મામાં રહેલું જે અજ્ઞાન, તે ટળી જાય. આત્મા પ્રકાશિત થાય. કેવી રીતે ? તો જેમ બૅટરી (ટૉર્ચ) સળગાવીને ઉપર હાથ મૂકો તો બૅટરી ચાલુ છે, પણ બહાર પ્રકાશ દેખાતો નથી, અંધારું જતું નથી. પણ હાથ ખસેડી લો તો ઝળહળાટ પ્રકાશ થાય. એમ, આત્મામાં પરમાત્મા બિરાજમાન છે જ, પણ આત્મા ને પરમાત્માની વચ્ચે માયાનો થર છે એટલે આત્મામાં રહેલા પરમાત્મા પ્રકાશિત થતા નથી, દેહને પ્રકાશિત કરતા નથી. એ માયાનો થર ખસે એટલે દેહમાં પ્રકાશ થાય. સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ એટલે માયાનું લેયર ખસ્યું, આત્મામાં રહેલું અજ્ઞાન ટળ્યું, અંધકાર ટળ્યો તો આત્મા પ્રકાશિત થઈ ગયો. આત્મા બ્રહ્મરૂપ થયો. પણ જે દેહમાં આત્મા રહ્યો છે એ દેહ બ્રહ્મરૂપ નથી થયો. એને પોતાની ઈચ્છાઓ છે, પોતાની બુદ્ધિનું જગત છે, પોતાની ચિત્તની ભૂમિકાનાં દૃશ્યો છે, પોતે માની લીધેલા વિશ્વાસ છે; આ બધા પોતાની ઈન્દ્રિયો–અંતઃકરણના ભાવોમાં જે જગત છે એ ભગવાનનું સાચું સુખ, શાંતિ ને આનંદ લેવા નથી દેતા. એનું ટ્રાન્સ્ફર્મેશન થવું જોઈએ.

ગુણાતીતાનંદ સ્વામીએ જે વાત લખી એ સો ટકા સાચી છે કે, 'જીવને ભગવાનને માર્ગે ચાલવામાં જો સારધાર પાર પડવું હોય તો બે સારા સાધુઓ અને ત્રણ સારા હરિભક્ત સાથે હેત રાખજો.' આ અક્ષરપુરુષોત્તમ ઉપાસના કે, આત્મામાં રહેલું મૂળ અજ્ઞાન આપોઆપ જતું રહે એ પછી દેહના ભાવ બદલાય. પછી ગમે એટલા ધમપછાડા મારે પણ ભગવાનના રસ્તેથી કદી ડાયવર્ટ થઈ જ ના શકે ને પાછો ત્યાંનો ત્યાં જ આવે. જેમ

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, પથરો લઈને આકાશમાં રમરમાવીને ફેંકો, બહુ જોશથી ફેંકો તો બહુ ઊંચે જાય, પણ પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ છે એટલે તે ગમે એટલો ઊંચો જશે તોય પાછો ધરતી પર જ આવશે. એમ, સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ છે, તો એ ગમે ત્યાં જશે પણ પાછો સત્સંગમાં જ રહેશે, બીજી કોઈ જગ્યાએ જશે નહીં. એ શુદ્ધ ઉપાસના શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવી. દેહથી સાંભળેલો, ચમત્કારની અનુભૂતિ કરેલો, પરચા સાંભળીને થયેલો સત્સંગ ક્યારે છૂટી જશે તેની ખબર નહીં પડે, પણ સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થશે એ સત્સંગ પરમેનન્ટ રહેશે; એ જીવનો સત્સંગ ! ગમે એવી પરિસ્થિતિ, ગમે એવા સંજોગો, ગમે તે ઊભું થશે પણ સત્સંગમાંથી આપણને નહીં જવા દે.

એટલે સ્વામિનારાયણ સંપ્રદાય એ શુદ્ધ ઉપાસના પ્રવર્તવાનું શરૂ થયું ત્યારથી થયો. અને હવે એમાં વિશેષ અધ્યાય ઉમેરાય છે. મહંત સ્વામીએ બ્રહ્મસૂત્ર આપ્યું : 'અક્ષરં અહં પુરુષોત્તમ દાસોસ્મિ' – અક્ષર એવો હું, પુરુષોત્તમનો દાસ છું. પુરુષોત્તમ એટલે સ્વામિનારાયણ ભગવાનની જે મૂર્તિ, એનો હું દાસ છું. એમાં એક શબ્દ ઉમેર્યો કે, 'અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોસ્મિ' – અક્ષર એવો હું, પુરુષોત્તમના પ્રગટ સ્વરૂપ એવા ગુરુરૂપ હરિનો દાસ છું. જે સાધુ દ્વારા ભગવાન પ્રગટ મળ્યા છે, જે અક્ષરપુરુષોત્તમનું સાકાર સ્વરૂપ છે; એમનો હું દાસ છું. એટલે હું અક્ષર છું, મારો આત્મા સત્પુરુષ છે અને મારે પ્રગટ પ્રભુની ભક્તિ કરવી છે. પ્રગટની ભક્તિ કરવી એટલે એમની આજ્ઞામાં રહીને બધી પ્રવૃત્તિ કરવી છે, એ દાસ થયા કહેવાય. સત્પુરુષની આજ્ઞામાં વર્તાય એ સાચી ભક્તિ છે. મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, પ્રમુખ સ્વામી, કાકાજી, પપ્પાજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ – આ બધાનાં જીવનમાં ડોકિયું કરીએ તો આ જરૂર દેખાશે. યોગીજી મહારાજ સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ પછી બાપાએ જે આજ્ઞા આપી એ આજ્ઞાને નિઃસંશય થઈને–પ્રશ્ન કર્યા વગર સીધી એક્ઝિક્યૂટ કરવામાં લાગી ગયા; એ દાસ થયા પ્રભુના. તમે જુઓ, બાપાની આજ્ઞાને સારધાર પોતાના જીવનની ઍક્શનમાં લાવ્યા. પ્રખર બુદ્ધિશાળી હતા, પણ એ બુદ્ધિનો ઉપયોગ બાપાને રાજી કરવામાં કર્યો.

અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાનાં જે પાંચ સ્ટેપ છે તે યાદ રાખો. 'કર્તાહર્તા !' – મને મળ્યા એ ભગવાન છે. 'તે કેવા છે ?' – સાકાર ને પ્રગટ છે. 'તે ક્યાં છે ?' – એવા ગુણાતીત ભાવને પામેલા સાધુમાં છે. 'તો કરવાનું શું ?' બે હાથ જોડીને એમનામાં જોડાવ અને બે હાથ જોડીને એમની આજ્ઞા પાળો. 'સાધના કઈ ?' – એમનાં સંબંધવાળાંમાં સુહૃદભાવ, નિર્દોષભાવભરી ભક્તિ કરો. બસ પૂર્ણાહુતિ! સહેલું છે ને ? એમાં કંઈ વેદ-ઉપનિષદ ભણવા પડે ? સંસ્કૃત ભાષા ભણવી પડે ? ઇંગ્લિશની જરૂર પડે ? સહેલું છે. પણ, માણસને સહેલું કામ જ અઘરું લાગે છે. અઘરી વસ્તુ માણસ કરે, પણ સહેલી વસ્તુ થતી નથી. આ સહેલી વસ્તુ કરી શકતા નથી.

મહંત સ્વામીએ આ મંત્ર આપ્યો એમાં જે આર્ટિકલ છે, એમાં સરસ લખ્યું છે. શરૂઆત જ એમણે સરસ કરી છે. "જીવન કોઈ ને કોઈ સમસ્યાઓથી ઘેરાયેલું રહે છે." આપણે બધા બેઠા છીએ, ગૃહસ્થ હોય-સંન્યાસી હોય, જંગલમાં રહેતો હોય-શહેરમાં રહેતો હોય, અમેરિકામાં રહેતો હોય-ઇન્ડિયામાં રહેતો હોય, પંચમહાલમાં રહેતો હોય-મુંબઈમાં રહેતો હોય, ભણેલો હોય-અભણ હોય, બાઈ હોય-ભાઈ હોય, બધાં માટે જીવન કોઈ ને કોઈ સમસ્યાઓથી ઘેરાયેલું છે. ધંધાવાળાને એની, નોકરીવાળાને એની, સંન્યાસીને એની, ગૃહસ્થોની એની એમ વ્યક્તિએ વ્યક્તિએ સમસ્યાઓ જુદા જુદા પ્રકારની હોય છે.

જેમ કે, આપણે કેટલાક સામાન્ય વાર્તાલાપમાં પણ ઉગ્ર થઈ જઈએ છીએ. કુટુંબ કે સમાજની સાધારણ ઘટનામાં પણ વિચલિત થઈ જઈએ છીએ. કુટુંબમાં, સમાજમાં, આપણા આવાસમાં કે આપણે જ્યાં કામ કરતા હોઈએ ત્યાં, સામાન્ય – નહીં જેવી બાબાતોમાં પણ ડિસ્ટર્બ થઈ જઈએ છીએ. સતત એકલાપણું લાગે છે. બધાની વચ્ચે રહેતા હોઈએ તોય એકલતા અનુભવાય છે, ભય લાગે છે. ઘણાને કોઈ ભૂત-પ્રેત વળગ્યું હોય એવું લાગે છે. ઘણાને કોઈએ મેલી વિદ્યાનો જાદુ કર્યો હોય એવું લાગે છે. ઘણા કહે કે, 'મને કાળસર્પનો દોષ છે. મને મારું મનધાર્યું કરવાની ટેવ છે. હું દુર્ગુણોને જાણું છું પણ દુર્ગુણો છોડી શકતો નથી. હું સદ્‌ગુણોને જાણું છું પણ સદ્‌ગુણોને અપનાવી શકતો નથી. મને ભજન કરવું ગમતું નથી. ભક્તિ નકામી લાગે છે.' આમ, વગર વાંકે અનેક પ્રકારની

અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાનાં જે પાંચ સ્ટેપ છે તે યાદ રાખો.
'કર્તાહર્તા !' – મને મળ્યા એ ભગવાન છે.
'તે કેવા છે ?' – સાકાર ને પ્રગટ છે.
'તે ક્યાં છે ?' – એવા ગુણાતીત ભાવને પામેલા સાધુમાં છે.
'તો કરવાનું શું ?' બે હાથ જોડીને એમનામાં જોડાવ અને
બે હાથ જોડીને એમની આજ્ઞા પાળો.
'સાધના કઈ ?' – એમનાં સંબંધવાળાંમાં સુહૃદભાવ,
નિર્દોષભાવભરી ભક્તિ કરો.
બસ પૂર્ણાહુતિ!





**જો ઉપાસના શુદ્ધ સમજીશું અને**
**॥ અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોસ્મિ ॥**
**આ મંત્રના રહસ્યને પામીશું તો**
**માત્ર સાધનાનાં જ નહિ, સમાજનાં જ નહિ, પરંતુ**
**અંદર થતાં મોટા ભાગનાં બધાં ડિસ્ટર્બન્સ**
**આપોઆપ ટળી જશે, યાદ રાખો.**

સમસ્યાઓ છે. પરિણામે આપણે સતત આંતરિક પીડાનો અનુભવ કરીએ છીએ, દુઃખી થઈએ છીએ.

સમસ્યાઓથી ઘેરાયેલું આ જીવન ઉન્નત, પ્રશાંત અને આનંદમય બનવાની શક્યતાઓથી પણ ભરપૂર છે. આ જીવન આવું છે, તો પણ એમાં પરમ શાંતિ, પરમ આનંદ, પરમ સુખ ભોગવવાની શક્યતાઓ છે. આજથી જ મારે નિયમિત થવું છે, વિનમ્ર બનવું છે, દાસભાવ કેળવવો છે, શુદ્ધ ભાવથી સેવા કરવી છે, મહારાજને રાજી કરવા છે, ગુરુહરિને રાજી કરવા છે, ધર્મમાં રહેવું છે, ભક્તિથી જીવનને સમજવું છે, મારે સજ્જન બનવું છે, મારે કુટુંબમાં શાંતિ સ્થાપવી છે, મારે એકતા કેળવવી છે. વગેરે સારા સાચા અને સર કરી શકાય તેવા ઉચ્ચ સંકલ્પો પણ સાથે સાથે થાય છે.

'અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમસ્વરૂપસ્ય દાસોસ્મિ' અક્ષર એવો હું, પ્રગટ ગુરુરૂપ હરિનો દાસ છું. મંત્ર ઉપરોક્ત સમસ્યાઓનો કાયમી અંત કરનાર પરમ ઉપાય છે. જીવનને ઉન્નત અને પ્રશાંત બનાવવાની સંજીવની છે. ઉચ્ચ સંકલ્પોને સર કરી શકવાની શક્તિની ખાણ છે. આ મંત્રમાં તત્ત્વજ્ઞાન છે, સાધના છે અને મુક્તિનું રહસ્ય છે. એવો અદ્‌ભુત મંત્ર છાપીને આપણે આપીશું. રોજ પૂજામાં બોલવાનો રાખજો. હું બોલાવું એમ બોલો, "અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોસ્મિ. અક્ષર એવો હું, પ્રગટ પુરુષોત્તમસ્વરૂપ, ગુરુહરિનો દાસ છું."

જો ઉપાસના શુદ્ધ સમજીશું અને આ મંત્રના રહસ્યને પામીશું તો માત્ર સાધનાનાં જ નહિ, સમાજનાં જ નહિ, પરંતુ અંદર થતાં મોટા ભાગનાં બધાં ડિસ્ટર્બન્સ આપોઆપ ટળી જશે, યાદ રાખો. સ્વામિનારાયણ ભગવાને મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને લાવીને કેટલી મોટી કૃપા કરી ! ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'પહેલાં તો માર ખાતા ને ભગવાન ભજતા.' ભગવાનને ભજવા માટે માર ખાવાનો હોય ? અત્યારે તો આપણને આશ્ચર્ય લાગે. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે, 'આજે સુખપાલના પલંગમાં બેસીને, સાકરના શીરા જમીને ભગવાન ભજવાના.' લ્યો, વિચાર કરો ! બીજી વાતમાં ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'નિત્ય પ્રત્યે કોઈ લાખ રૂપિયાની સેવા લાવતો હોય અને મંદિરનું દસ માણસનું કામ કરતો હોય; પણ, ફલાણો આમ ને ઢીંકણો આમ એ અમને જરાય ગમે નહીં. એના ઉપર અમે હેત કરવા જઈએ તોય હેત થાય નહીં. પણ સૂઈ રહેતો હોય, કશું ના કરતો હોય પણ, મારા, મારા સાધુનાં ને મારા ભક્તોનાં ગુણગાન ને મહિમા ગાતો હોય તો એ જ્યાં બેઠો છે ત્યાં મારે તેને રોટલા ખાવાના આપવાના ને એની ચાકરીના કરનારા પાંચ સેવકોને મૂકવા.' લો ! આ બેમાં તમે કઈ પસંદગી કરશો ? પરંતુ આપણાથી આવું પણ કરાય છે ? અઘરું છે. તમે વિચાર કરો, ગુણાતીતાનંદ સ્વામીની આટલી અદ્‌ભુત વાતો છે, પણ કોઈ માઈનો લાલ આજની તારીખે આ વાતનો અમલ નથી કરતો.

ગુણાતીતાનંદ સ્વામીએ બીજી વાતમાં કહ્યું, 'ભજન કરતાં કરતાં ક્રિયા કરો તો અંતરમાં ટાઢું રહે.' અંતરમાં અશાંતિ છે, ઉકળાટ છે એ શાનો છે ? ભજન નથી કરતા એટલે છે. એમણે એવું કશું કહ્યું ? કે, તમે ખાવાનું છોડી દો, સંસાર છોડી દો. પણ સવારે જ્યારથી જાગ્રત થાવ ત્યારથી કાંઈ પણ પ્રવૃત્તિ કરો ત્યારે અંદરથી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરોને ! ભજન કરતાં કરતાં ક્રિયા કરો તો અંતરમાં ટાઢું શાથી રહે ? ભજન કરતાં કરતાં ક્રિયા કરશો તો એ ક્રિયા સાથે તમે ડિટૅચ રહેશો, ઍટેચ નહીં થાવ. અને ક્રિયા મૂકશો એટલે એ ભુલાઈ જશે, પછી પાસ નહીં લાગે તો આનંદ જ છે. કેટલું અજોડ ને અદ્‌ભુત શસ્ત્ર સ્વામિનારાયણ ભગવાને 'સ્વામિનારાયણ' મંત્ર દ્વારા આપણને આપ્યું છે !

મારી તો પ્રાર્થના છે કાર્યકર્તાઓને કે, આપણે બીજું એક કૅમ્પેન ઉપાડવું છે-'મંત્રલેખન'નું. રોજ એક પાનું લખવાનું રાખો. એક પાન લખશો તો પંદરથી અઢાર મિનિટ લાગશે. ઘણાને સમય હોય તો આગળ-પાછળ બે પાન લખજો. પણ ઓછામાં ઓછું એક પાન તો 'સ્વામિનારાયણ' મંત્રનું લખજો જ. અને 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' બોલતાં જઈને લખજો. ભજનનું કૅમ્પેન ઉપાડો. બીજું, દર મહિને દરેક સૅન્ટર ઉપર ધૂન કરવાનો કાર્યક્રમ કરજો. જેટલા આવે એટલા, પણ ધૂન કરજો. ઘણાંને શું થાય ? આપણા મંડળની સભામાં પચાસ ભક્તો આવતા હોય અને ધૂનનો પ્રોગ્રામ રાખ્યો હોય ત્યારે ધૂનમાં બેસીને ગણતરી શી કરીએ ? આ ભાઈ નથી આવ્યા, ફલાણા ભાઈ નથી આવ્યા. જે આવ્યા છે એની ગણતરી નથી કરતા, પણ જે ના આવ્યા હોય એની ગણતરી કરીએ એટલે ધૂનનો પ્રભાવ જતો રહે. એટલે એવું નહીં કરતા. જેટલા આવ્યા એટલા પર ભગવાનની

કૃપા વરસશે,વરસશે ને વરસશે! નસીબદાર ! પણ જે ધૂનમાં નથી આવ્યા એની નોંધ રાખવાની નહિ.

નિર્ગુણદાસ સ્વામીનું નામ સાંભળ્યું છે ? બૅપ્સ સંસ્થામાં અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવા માટે શાસ્ત્રીજી મહારાજની સાથે પાયામાં કામ કરવામાં યોગીબાપા તો હતા જ, પણ ત્રીજા નિર્ગુણદાસ સ્વામી હતા. તેઓ પીજ ગામના પાટીદાર હતા અને બરોડા કલાભવનમાં ઍન્જિનિયર થયેલા. ભગતજી મહારાજની સાથે જોડાયેલા એટલે ભગતજી મહારાજનો ખૂબ મહિમા. પણ તેઓ ભણતા હતા એટલે એમને ટાઈમ હોય નહિ. તેથી કોઈ હરિભક્ત ભગતજી મહારાજનાં દર્શન કરવા ગયા હોય, બે-ચાર દિવસ ભગતજી મહારાજ પાસે રહ્યા હોય અને આવે તો એમને પીજ સ્ટેશને મળવા જાય, લેવા જાય. પીજમાં નાની ગાડીનું સ્ટેશન છે. સ્ટેશનેથી ગામ સુધી ચાલતાં ચાલતાં ગોષ્ઠિ કરે, પાછા મૂકવા જાય ત્યારે ગોષ્ઠિ કરે. ભગતજી મહારાજે શું વાત કરી ? ભગતજી મહારાજ શું કરતા હતા ? ભગતજી મહારાજ શું જમતા હતા ? ભગતજી મહારાજ કેમ બેઠા હતા ? ભગતજી મહારાજે કેવાં કપડાં પહેર્યાં હતાં ? પોતે બુદ્ધિશાળી એટલે એટલી બધી પૂછપરછ કરે અને પેલા ભગતને તો રિવિઝન થાય. એમ એમ કરીને તેઓ ભગતજી મહારાજ રૂપ થયા અને શાસ્ત્રીજી મહારાજની સેનામાં જોડાયા. આફ્રિકા, ઈંગ્લૅન્ડ, અમેરિકામાં જે સત્સંગ થયો, તે ત્યાં ગયા વગર કેવળ કાગળોથી નિર્ગુણ સ્વામીએ સત્સંગ કરાવ્યો.


એમ, આપણે મંડળમાં જઈને સભામાં કથા કરજો, વાતો કરજો. કોઈ વિદ્યાનગરથી આવ્યા, અશ્વિનભાઈ પાસેથી આવ્યા, શાંતિભાઈ પાસેથી આવ્યા, રતિભાઈ પાસેથી આવ્યા કે મુંબઈ-ખારઘર મંદિરે જઈ આવ્યા, સત્સંગ-સમૈયામાં જઈ આવ્યા તો એ આવે એટલે એમની પાસે કથા કરાવવી, એમની પાસે વાતો કરાવવી. ગાંડી-ઘેલી જે કહે પણ એની સ્મૃતિ કરાવવી. અને આ વાતો પણ આપણે જઈને સભામાં કરવી છે. 'સંપ-સુહૃદભાવ-એકતા રાખો, હળીમળીને કામ કરો.' એ મંત્રનો આપણે પાઠ ભણવો છે, એને વર્તનમાં લાવવો છે.

શુદ્ધ ઉપાસના એટલે સાકાર ને પ્રગટની ઉપાસના. અને એ પ્રભુ આપણને સત્પુરુષ દ્વારા મળ્યા છે. એમની આજ્ઞામાં જીવવું છે અને એમનાં સંબંધવાળાં સૌને દિવ્ય ને નિર્દોષ માનીને સેવકભાવે નહિ પણ દાસત્વભાવે જીવવું છે. દાસને કોઈ અપેક્ષા હોય નહીં. પ્રભુના ભાવથી સેવા કરીશું તો દાસત્વભાવ આવશે, લખી રાખો ! સેવકભાવ હશે તો સેવા કરીએ છીએ એની કોઈ અપેક્ષા હોય, કોઈ થૅન્ક્યૂ કહે, ઍપ્રિશિએટ કરે, નામ આવે, આગળ બેસાડે ; એવા બધા જે ભાવ થાય છે, એ સેવકભાવ છે. પણ ભગવાનના ભક્તોમાં પ્રભુ અખંડ બિરાજમાન છે, એ ભક્તના હૃદયમાં બિરાજમાન પ્રભુને રાજી કરવા માટે એની સેવા કરું છું, મારી ગરજે સેવા કરું છું. મને પ્રભુએ આ તક આપી, મારા ઉપર ભગવાને બહુ મોટી કૃપા કરી ત્યારે મને આ સેવા મળી; એવા દાસભાવથી જે સેવા કરે તો એને કોઈ અપેક્ષા રહેશે નહીં, એટલે આનંદ જ રહે.

પ.પૂ. હરિપ્રસાદ સ્વામી 'દાસાનુદાસ' થવાનું કહે છે. દાસ એટલે પોતાનો કોઈ વિચાર નહીં, પોતાની કોઈ ઇચ્છા નહીં, પોતાની કોઈ અપેક્ષા નહીં. કેવળ ને કેવળ એક ભગવાનને જ રાજી કરવાની રાંકભાવે ઇચ્છા, ભગવાનના થઈને જીવન જીવવાની ઇચ્છા. મારા ગુરુની આજ્ઞા પાળીને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું જ કાર્ય કરવું એ દાસનું લક્ષણ છે. એટલે 'અક્ષર એવો હું, પ્રગટ પુરુષોત્તમ ગુરુહરિના દાસનો પણ દાસ છું.' મને એમની સેવાનો અધિકાર પ્રાપ્ત થયો છે એટલે ? એમના દાસ બનવું એટલે? તમે જ્યાં જાવ ત્યાં સૌને પ્રભુમાં જોડતા થાવ. આખા હિન્દુ ધર્મમાં, સ્વામિનારાયણ સંપ્રદાયમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની વિશેષતા એ છે કે, ગમે એટલાં ઐશ્વર્ય પામો, ગમે એટલી રિદ્ધિસિદ્ધિના માલિક બનો, તમારા થકી લાખોને સત્સંગ થાય, મોટાં મોટાં મંદિરો થાય કે તમારી આજ્ઞાથી માણસો સમર્પિત થાય ને સાધુ થાય; પણ એ સાઈડ પ્રૉડક્ટ છે, બાય પ્રૉડક્ટ છે. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની પ્રસન્નતામાં જો મોટામાં મોટું ઍચિવમૅન્ટ હોય તો તે 'દાસ' થાય. એટલે, હું કાંઈ જ નથી, જે છે તે મારા પ્રભુ જ છે, તેઓના સંબંધવાળાના દાસ થવું એ ખરી મોટપ છે.

આટલું બધું હોવા છતાં પણ આ જે થઈ રહ્યું છે, થાય છે ને થવાનું છે તે મને મળ્યા એવા મારા પ્રભુની કૃપાથી ને આશીર્વાદથી થાય છે. અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈને તમે પૂછશો તો કહેશે, ગુરુદેવ યોગીજી મહારાજ જેવા દિવ્ય પુરુષની દૃષ્ટિ, કાકાજી, પપ્પાજી,

સત્પુરુષની આજ્ઞામાં જીવવું છે અને
એમનાં સંબંધવાળાં સૌને દિવ્ય ને નિર્દોષ માનીને
સેવકભાવે નહિ, પણ દાસત્વભાવે જીવવું છે.
દાસને કોઈ અપેક્ષા હોય નહીં.
પ્રભુના ભાવથી સેવા કરીશું તો
દાસત્વભાવ આવશે, લખી રાખો !



હરિપ્રસાદ સ્વામી, મહંત સ્વામી જેવાના આશીર્વાદ અને એમની પ્રસન્નતાને લઈને આ બધું થાય છે. પોતે કરી રહ્યા છે એવું કદી એમને થતું નથી. આ છે દાસભાવ ! કર્તાહર્તાપણું તેઓ પ્રભુનું જ માનતા હોય. જે પણ થાય છે એ પ્રભુની કૃપાથી જ થાય છે, એમના સંકલ્પથી જ થાય છે એવું માનીને સદાય પ્રભુ ને પ્રભુના સંતનાં, પોતાના ગુરુનાં ને ભક્તોનાં ગુણગાન ને મહિમા ગાયા કરતાં હોય એનું એ કાર્ય છે.

આપણે શિબિરમાંથી ખરેખર આ વસ્તુ લઈને જઈએ કે, આપણે દાસ થવું છે. પ્રભુની ભક્તિ દાસભાવે કરવી છે. આપણે કાંઈ નથી. ઝીરોનેસ પર જતા રહીએ એ અક્ષરરૂપ થયા. પણ ઝીરોનેસ પર જવું કેવી રીતે ? શરૂઆત ક્યાંથી કરવી ? તો પરબ્રહ્મનું તત્ત્વ-સ્વામિનારાયણ ભગવાન જે ૧૮૩૭માં છપૈયામાં પ્રગટ થયા, એ ગુણાતીત સાધુ થકી પૃથ્વી ઉપર અખંડ છે, છે ને છે જ; એ મહારાજનું વરદાન છે. યોગીજી મહારાજ એવા હતા ને યોગીજી મહારાજની કૃપાથી કાકાજી, પપ્પાજી, પ્રમુખ સ્વામીજી, મહંત સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી, મુકુંદજીવન સ્વામીજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ - આ બધા સંતો એમનાં સાકાર સ્વરૂપો છે. એમાં કોઈને ને કોઈને વિશે હેત થાય. એ સંતો છે, યાદ રાખો ! કોઈ દિવસ પોતાના સાધુને, પોતાના ગુરુને ભગવાન ના માનવા. એમના દ્વારા ભગવાન દર્શન દે છે, એમના દ્વારા ભગવાન આશીર્વાદ આપે છે, એમના દ્વારા ભગવાન મારી સેવા ગ્રહણ કરે છે. એમનાં ગુણગાન ને મહિમા ગાવાથી પ્રભુની ભક્તિ થાય છે, પ્રભુ સુધી પહોંચે છે, તેઓ  ભગવાન પાસે જવાનું મારા માટે માધ્યમ છે; એવું પોતાના ગુરુને માનીને એમની આજ્ઞા પાળીએ તો પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થશે. તો આપણે જે બ્રહ્મરૂપ થયા છીએ, તો બ્રહ્મસ્વરૂપ બની જઈશું.

યોગીબાપાને કેવો ભીડો ? ૮૦ વર્ષની ઉંમરે પચ્ચીસ-પચ્ચીસ પધરામણી કરે તોય બાપા એને ભીડો માનતા નહીં. ભક્તો સાથે રહેવામાં એમને આનંદ આવતો. પણ, સંપ-સુહૃદભાવ-એકતા ના રાખીએ, હળીમળીને કામ ના કરીએ, નહીં લેવાદેવા વગરની માથાકૂટો કર્યા કરીએ એના જેવો ભીડો એકેય એમને નથી; તો આ ભીડો આપણે એમને આપવો નથી. જેટલાં છીએ એટલાં સંપ-સુહૃદભાવ-એકતા રાખીને હળીમળીને કામ કરીએ. હું કહું એમ જ કરો એમ નહીં, મારે પ્રભુને રાજી કરવા છે એટલે હળીમળીને કામ કરવું છે, તો ઝીરોનેસ પર પહોંચી જઈશું, યાદ રાખો ! પછી ગૃહસ્થ હોય કે ત્યાગી હોય, જે આ રીતે વર્તશે એને ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થશે; કારણ કે, અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના એ ટ્રાન્સ્ફર્મેશનનો માર્ગ છે. મૂળભૂત બદલાવ આવી જાય એ જ સાચી ભક્તિ કરી કહેવાય. ભગવાનનો માનવરૂપે સ્વીકાર કર્યો, સાધુમાં પ્રભુ છે-એમના વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ રાખી, એમની આજ્ઞા પાળો અને ભક્તોમાં સુહૃદભાવ રાખી, નિર્દોષભાવે સેવા કરો એટલે આપણું તંત્ર બદલાતું જશે.

એટલે સાધના જ આ છે. નિર્દોષભાવ રાખો. સંપ-સુહૃદભાવ-એકતા રાખીને હળીમળીને કામ કરો. બસ, એ માટે જે કરવું પડે એ કરો ને જે મૂકવું પડે એ મૂકો; એટલી જ સાધના છે. ને આવી સાધના કરીશું તો મૂળ સ્વભાવ-પ્રકૃતિ, અહંતા-મમતા, મારું-તારું, બધું ઓગળી જશે ખબર પણ નહીં પડે. પણ એના માટે આંતરિક ફૉર્સ જોઈશે. એ માટે ત્રણ વસ્તુ ખાસ અગત્યની છે, યાદ રાખો ! કથાવાર્તાનો ઈશક રાખજો. કોઈના હોય તો રોજ 'વચનામૃત' વાંચજો, 'સ્વામીની વાતો' વાંચજો. સત્સંગસભા થતી હોય તો એમાં હાજરી આપજો. આપણને એવાં મોટાં શું કામ છે કે, આપણને સભામાં જવાનો ટાઈમ નથી ? કથાવાર્તા હશે તો ભગવાનનું, સત્પુરુષનું, ભક્તોનું માહાત્મ્ય વધશે. અને માહાત્મ્ય વધશે તો સેવા કરવામાં આનંદ આવશે, સેવા મિકેનિક નહીં થાય. ભજન ને પ્રાર્થનાથી જે કોઈનું જોવાઈ ગયું હશે, સેવા કરતાં કરતાં કકળાટ-કંકાસ થયો હશે, એકબીજા સાથે કશું ઘર્ષણ થયું હશે, તો એમાંથી બહાર નીકળવા માટે ભજન ને પ્રાર્થના! ભજન ને પ્રાર્થનામાં શ્રદ્ધા-વિશ્વાસ પ્રગટે એટલે કથાવાર્તા ! કથાવાર્તા સાંભળીને સેવા કરવાથી કંઈક આપણને થયું હોય એમાં સ્થિરતા રહે એટલા માટે ભજનનું બળ લેવું પડશે. તો ધૂનની ટેવ પાડજો. અને એટલે મંત્રલેખન કરવું છે.

આપણે બ્રહ્મજ્યોતિ કેમ્પસનું મંદિર એક વરસમાં પૂરું કરવું છે. જેને કામ સોંપ્યું છે એ કામ કરશે. આપણે બધાએ ભજન કરીને બળ આપવું. આપણી પાસે પૈસા આવે તો સેવા કરજો, કોઈને આગ્રહ નથી કે, તમે આટલી સેવા કરો. પણ મંદિરનું કામકાજ થાય તો સેવા કરવી જોઈએ, સેવામાં આવવું જોઈએ. ભજન-પ્રાર્થના કરીને, હળીમળીને એકત્વભાવથી સેવા કરીને જે સેવકો કામ કરે છે, એ પોતે મંદિરરૂપ થાય છે, યાદ રાખો !

સ્વામિનારાયણ ભગવાન કહે, અમે મંદિરો કરવા નથી આવ્યા, સત્સંગનો પ્રચાર કરવા નથી આવ્યા. અમે બહુધા માણસોને અંદરથી ભગવાનનું સુખ લેતા કરવા આવ્યા છીએ. પણ ભગવાનનું સુખ લેવામાં ઇન્દ્રિયો-અંતઃકરણના ભાવો આડા આવે છે, એનું રૂપાંતરણ કરવા માટે અમે આ ક્રિયાયોગો ઉપાડ્યા છે. એમાં જે મહિમાથી મંડશે એ બધાનું પરિવર્તન થશે, થશે ને થશે. એવા આ પ્રૉજેક્ટ છે, એમાં દિલથી મંડી પડીએ અને ઘરે જઈને આ વાત કરીએ.

આપણા હૈયામાં પ્રભુની પ્રસન્નતા ખૂબ ખૂબ વરસતી રહે. જીવન આપણું ધન્ય થઈ ગયું છે એ ધન્યતાનો, પ્રાપ્તિનો અખંડ આનંદ રહે. કોઈ ભક્તને વ્યાપારની, ધંધાની, કારખાનાંની, દેહની, છોકરા-છોકરીઓની, સંસારની કોઈ મુશ્કેલી હોય, એ બધી વિટંબણાઓમાંથી પ્રભુ સર્વને પાર પાડીને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવે અને હૈયામાં પરમ શાંતિ, પરમ આનંદ, પરમ સુખ ભોગવતા કરે; એવા સૌ બની રહે, આપણો આખો સમાજ બની રહે એ માટે બે મિનિટ ધૂન કરીએ.

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...!

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆



# અનુપમની હે અમૃતધારા...!



~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

વચનામૃત મર્મ : ગઢડા મધ્ય પ્રકરણ-૨૧, 'મુદ્દાનું'નું નિરૂપણ
૨૧ માર્ચ ૨૦૧૮, વચનામૃત પારાયણ, ઉપાસના ધામ, વેમાર

(ગયા અંકથી ચાલુ...)

અહીંયાં 'વચનામૃત'માં શ્રીજી મહારાજે કહ્યું, ***કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વકર્તાહર્તા જાણવા એ જ છે.***

મુદ્દો આવી ગયો - 'એ જ છે.' આગળ જે વાત કહી કે, કલ્યાણને અર્થે જે કંઈ શાસ્ત્રો છે તે અમે સૂરત દઈને સાંભળ્યાં છે અને એનો અમે હવે મુદ્દો કહીએ છીએ. શાસ્ત્રમાં બે જ વાત આવે છે. એક વાત આવે છે - કર્તાહર્તા ભગવાન છે અને બીજી વાત ભગવાન અથવા ભગવાનના સંતનાં ચરિત્રોની આવે છે. 'શ્રીમદ્ ભાગવત' એ ભગવાનનું અને ભગવાનના અવતારોનું ચરિત્રગાન છે. અને એવું ગાન કરવાથી વ્યાસમુનિને પણ પોતાના હૈયામાં શાંતિ ને આનંદની અનુભૂતિ પ્રાપ્ત થઈ છે, એમ આપણા ધર્મગ્રંથો કહે છે.

આપણા સ્વામિનારાયણ સંપ્રદાયની એક બહુ જાણીતી વાર્તા છે. નામ, ઠામ વગર ટૂંકમાં કહું તો, એક સંત આવીને પોતાની બધી વાત સ્વામિનારાયણ ભગવાનને કરે છે. એમની વાતનો જવાબ આપવાને બદલે સ્વામિનારાયણ ભગવાન પોતાનાં વનવિચરણની આખી વાત કરે છે. એટલે પેલા સંત ફરી પાછી પોતાની રજૂઆત કરે છે. એટલે ફરી ફરીને પાછી મહારાજે, અમે આવી રીતે બાળપણમાં આમ કર્યું, ને અમને ખાંપો વાગેલો, અમે ચીભડાંના વેલા ફાંસી નાખ્યા અને તેઓએ છપૈયામાં બાળ ઘનશ્યામ સ્વરૂપે જે જે લીલાઓ કરી હતી, એ બધી વાતો કરવા માંડી. પછી પેલા સંતને થયું, મારી વાત, મારો પ્રશ્ન, મારી મુઝવણ એમના સમજ્યામાં આવતી લાગતી નથી. એટલે તેઓ આજ્ઞા લે છે કે, 'હું ગામડે વિચરણમાં જાઉં ?' તો મહારાજ કહે, 'હા હા જાવને!' એટલે તેઓ ગામડે વિચરણમાં જવાની તૈયારી કરે છે. પોટલું લઈને સંતો નીકળ્યા, ત્યાં સામા પર્વતભાઈ મળ્યા. પર્વતભાઈ સ્વામિનારાયણ ભગવાનના સમયના મહાએકાંતિક ભક્ત ! ગૃહસ્થ-સંસારી હોવા છતાંય પણ જનકવિદેહીની માફક વિરક્તભાવને પામી ગયેલા અને સહજાનંદ સ્વામીની મૂર્તિને ધારીને એકરૂપ થઈ ગયેલા. એમણે સંતને પૂછ્યું, 'મહારાજ ક્યાં જાવ છો ?' તો સંત કહે, 'ગામડે વિચરણ કરવા.' કહે, 'કેમ ?' સંત કહે, 'ભગવાન પાસે ગયો અને મારી બધી વાત કરી, પણ ભગવાને તે કાન ઉપર ધરી નહીં ને પોતાની વાતો કરવા માંડ્યા કે, અમે નાના હતા ત્યારે અમે આમ કરેલું ને અમે તેમ કરેલું. એટલે હવે હું વિચરણમાં જઉં છું.' ત્યારે પેલા ગૃહસ્થ ભક્ત પેલા સંન્યાસીને સમજાવે છે. જાણીને નામનો ઉલ્લેખ કરતો નથી. કારણ કે, એમના પેંગડામાં આપણો પગ મુકાય એવી આપણી સામર્થી નથી. પણ આના ઉપરથી આપણે મિષ લેવાનું છે કે, ગૃહસ્થ પણ કેવું ઉચ્ચ કોટિનું જીવન જીવે છે ! તે પેલા સંન્યાસીને-સાધુને કહે છે, 'તો તમે ભીંત ભૂલ્યા. મહારાજના કહેવાનો મુદ્દો તમે સમજ્યા નહીં. આ તમારી જે મુઝવણ છે, એમાં શાંતિ પામવાનો ઈલાજ એ જ છે કે, આ મનુષ્યમૂર્તિનાં લીલાચરિત્રોનું ગાન સાંભળો અને ચિંતવન કર્યા કરો. એ જ આ મુઝવણમાંથી બહાર નીકળવાનો ઉપાય છે.' અને સાધુએ કાન પકડ્યા. પાછા વળ્યા. પોટલું મૂકીને ફરી મહારાજની આગળ જઈને બેઠા કે, મહારાજ, તમે કરતા હતા એ વાત કરો.

ગ્રંથોમાં શું લખ્યું છે ? ભગવાનનાં ચરિત્રો લખ્યાં છે. અને એ તો મનુષ્ય જ હતા. એમણે ચીભડાંના વેલા ફાંસી નાખ્યા એની સાથે આપણે શું લેવા દેવા ? આપણા ખેતરમાં ચીભડાં થાય ને આપણને

ખાવા મળે તો બરાબર; પણ બાળ ઘનશ્યામની આવી લીલાઓને સંભારીને, બાળ જશુની આવી લીલાઓને સંભારીને એ પ્રગટ મૂર્તિનું ચિંતવન કરવું એ મુદ્દો છે. તો ચાલો, બાળ જશુની એક વાર્તા તમને કહું.

બાળ જશુ ૧૨-૧૪ વર્ષની ઉંમરના હતા. એમનું પ્રસાદીનું ઘર સોખડા ગામમાં. એ સાંકડી શેરી અને સાંજનો સમય. ગામડાનો એક રિવાજ કે એક રબારી હોય એ બધાની ભેંસો સવારે છોડાવી ગામના ગોચરમાં લઈ જાય અને સાંજે પાછી લઈ આવે એટલે પટેલિયાઓને ચરાવવા જવું પડે નહીં. એવી રીતે ભેંસોના ટોળામાંની એક ભેંસને કંઈ થયું હશે અથવા કોઈકે કંઈક સળી કરી હશે તે ભુરાયી થઈ-ભડકી અને સાંકડા ફળિયામાં મારકણી થઈને દોડતી આવી. હવે સમય એવો હતો કે, મોટે ભાગે મહિલાવર્ગ જ ફળિયામાં હાજર હતો. અને બહેનો એટલે બીકણ. એમાંય પાછી ભેંસ ભડકેલી, એટલે તેમણે કાગારોળ કરી મૂકી કે, 'અલ્યા ખસજો... ભેંસ આવે છે... ભેંસ આવે છે...' ત્યારે આ બાળ જશુ વૅકેશનમાં ઘરે ગયેલા. યોગીજી મહારાજે એમને નાનપણમાં બંટાગોળીનો પ્રસાદ આપીને 'સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ, બ્રહ્મ અને પરબ્રહ્મ, આત્મા ને પરમાત્મા' એવું શિખવાડેલું. સોખડા ગામનું પ્રસાદીનું જૂનું સ્વામિનારાયણ મંદિર બજારમાં આવેલું. ત્યાંથી આ બોલતાં બોલતાં ગામની શેરીઓ ગજવતા ગજવતા તેઓ ઘરે આવે એ એમનો પહેલેથી નાનપણનો ધંધો જ હતો. અને આજે પણ તેઓ એ જ કરે છે. હવે એમને શેરીઓ સાંકડી પડે છે એટલે ઇંગ્લૅન્ડ, અમેરિકા, કેનેડા ને ઑસ્ટ્રેલિયા સુધી ગજવવા જાય છે. પણ, વાતો તો આ જ કરે છે - 'સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ'. એમણે બધું સાંભળેલું અને બીજા લોકો પાસેથી જાણેલું કે, આપણા સ્વામિનારાયણ ભગવાન તો સર્વોપરી છે, સર્વનિયંતા છે, પ્રેરક અને પ્રવર્તક છે; એટલે બાળ જશુએ હિંમત કરી, મનમાં સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરી, અદબ વાળી, નીડર બની પેલી મારકણી ભેંસની સામે ઊભા રહ્યા. અને ભેંસે પણ બ્રેક મારી અને જશુને અથડાઈ ના જાય એવી રીતે આવીને ઊભી રહી ગઈ, સ્થિર થઈ ગઈ. આખું ફળિયું સ્તબ્ધ થઈને જોઈ રહ્યું. અરે, આવી ભુરાયી થયેલી, ભડકેલી મારકણી ભેંસ અને એની સામે આવડો અમથો જશુ ! બધાંને તો એમ કે, હમણાં ગોલી નાખશે, મારી નાંખશે. સાહેબદાદાના જીવનમાં બનેલો આ સાચો પ્રસંગ છે.

આ લીલાને સંભારવી. બીજું કંઈ નહીં તો આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે, કોઈ ભેંસ આપણને શિંગડે ચડાવે નહીં; પહેલી પ્રાર્થના આ ! અને ભેંસને જોઈએ એટલે બાળ જશુ યાદ આવે કે, જશુભાઈએ મારકણી ભેંસને ઊભી રાખી હતી, તો આપણી સામે કોઈ મારકણું થઈને આવશે તો એને જરૂર ઊભું રાખે એવી એમનામાં શક્તિ ને સામર્થી છે.

ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે, 'કોઈ માર માર કરતો આવે તો પણ મારા ધણીની મરજી વગર કોઈ વાંકો વાળ કરી શકે એમ છે નહીં.' એનું નામ થયું -કર્તાહર્તા માન્યા. કર્તાહર્તા માનવું એ આશ્રિત ભક્તની સૌથી શ્રેષ્ઠ દઢતા જો હોય તો પણ ક્રમે ક્રમે થાય છે, રાતોરાત થતી નથી. જીવનમાં ઘણા પ્રસંગોમાંથી, ઘણી કસોટીઓમાંથી પસાર થઈએ અને પરિણામ જોઈએ કે, કશું બગડી ગયું નથી; ત્યારે એમ થાય કે, ભગવાન પોતાના ભક્તની રક્ષા કરે છે, સંકટ સમયે સહાય કરે છે. એવા મારા પોતાના અનુભવો મને જ્યારે થાય છે ત્યારે આ મોઢેથી બોલાતું જ્ઞાન અનુભૂતિનું જ્ઞાન બને છે અને ત્યારે આ કર્તાહર્તાના ભાવને પહોંચી શકાય છે.

એટલે જ દાદુકાકાની વાણીમાં જે કેફ હતો, એ અનુભૂતિનો કેફ હતો. તેઓ કહેતા, 'રાજા, હું અનુભૂતિવાળો પુરુષ છું.' એ એમના જીવનની અનુભૂતિ હતી અને એ પછીથી એમની વાણીમાં એ જોશ હતો કે, મારા ગુરુનું -મારા યોગીજી મહારાજનું ધાર્યું થાય છે. અહીં સંતનું સામર્થ્ય આવ્યું. સ્વામિનારાયણ ભગવાનને ગૌણ કર્યા નથી, પણ એ સ્વામિનારાયણ ભગવાન મને યોગીજી મહારાજ રૂપે મળ્યા; તો મારા જીવનમાં જે કંઈ પણ થઈ રહ્યું છે અને હવે પછીથી થશે, એ મને મળ્યા તે પ્રત્યક્ષ પ્રભુ વતે જ થઈ રહ્યું છે એમ દાદુકાકા ખાતરીબંધ કહેતા. અને એટલે કહેતા કે, 'મારો ધણી કોણ છે ? मैं किसकी घरवाली हूं ?' ધણી એટલે પતિ, ધણી એટલે સ્વામી. અને પોતાનો સેવકભાવ - ગોપીભાવ કે, હું એની ઘરવાળી છું. ઘરવાળી હોય એટલે જેટલામાં રાજાનું રાજ્ય, એટલામાં રાણીનું રાજ્ય !

'કાકાજી મહારાજની જય !' અમથી નથી બોલાતી. આ તાવણીમાંથી તપેલા પુરુષ છે. અને હૈયાને વિશે ભગવાનનો આવો ભાવ ધારણ કરીને સદેહે જીવેલા પુરુષ છે. ભગવાનને કર્તાહર્તા માનવા એ સર્વ શાસ્ત્રનો સાર છે. અને જ્યારે પણ તેઓ વાત કરે ત્યારે એમની વાતમાં યોગીજી મહારાજની બ્રહ્મસ્વરૂપપણાની વાત આવતી, તો તેઓ યોગીજી મહારાજ રૂપ બની ગયા. તેઓ કહેતા કે, હવે પછી લોકો આ શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજની સોનાની મૂર્તિઓ બનાવીને પધરાવશે. પણ શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજ પ્રગટ હતા ત્યારે એમને એ

રીતે માનવા, પૂજવા, ધારવા એ ઘણું અઘરું હતું. તેઓ એમના સમયના સત્સંગની વાત કરતા, આપણે આપણા સમયના સત્સંગની વાત કરીએ તો-ભગવાન અને સંત. ભગવાનનો મહિમા સમજવો અને ભગવાનને ધારેલા સંતનો મહિમા સમજવો એ શાસ્ત્રમાત્રનો સાર છે.

એક જ મુદ્દો આવે છે. *'કલ્યાણને અર્થે તો ભગવાનને* ***સર્વકર્તાહર્તા જાણવા એ જ છે. અને જેવું પરોક્ષ ભગવાનના રામ-કૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહીં. તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજ્યે જ છૂટકો છે.***

લાખ વર્ષ કેડે - 'કેડે' એટલે પછી, હવે પછીથી. એટલે એનો અર્થ થયો કે, કેટલા જન્મો લેવાના ? જન્મમરણના ચકરાવામાં ફર્યા કરવાનું ? પરોક્ષભાવે પ્રભુને ભજ્યા કરવાના ? *"પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ ગણિકા કપિ વૃંદ કોટિ વ્રજતણી નાર પ્રેમભાવે તરી, પ્રગટની ઉપાસના સૌથી મોટી."* યોગીબાપા આ બોલતા.

ભગવાનના જે જે અવતારો થયા તે તે સમયમાં મનુષ્ય રૂપની અંદર પણ જેણે ભગવાનના પરમ દિવ્ય ભાવને જાણ્યો અને સાથે સાથે માણ્યો. એટલે મેં ગઈ કાલે કહ્યું હતું કે, 'જશુભાઈ જાણવા જેવા છે એટલું જ નહીં, માણવા જેવા છે.' જાણ્યા એટલે એમના વિશેની માહિતી અને માણ્યા એટલે એ જે ભગવાનના પરમ દિવ્ય તત્ત્વને ધારીને રહ્યા છે તેના રૂપ થવું. તો 'એક વાર કહ્યે સમજો કે લાખ વાર કહ્યે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો, પણ આ વાત સમજ્યે જ છૂટકો છે.' છૂટકો એટલે નિવૃત્તિ - છૂટી ગયા. કારણ કે આપણો કલ્યાણ સાથે સંબંધ છે. આપણી ભક્તિને, આપણે જે કંઈ પણ સાધન કરી રહ્યા છીએ તે આપણા પક્ષનો જે પુરુષાર્થ છે તેને શેની સાથે નિસબત છે ? છુટકારા જોડે.

ગઈ કાલે દર્શન કેવી રીતે કરવાં તેની વાત કરી. અમે કેવાં અલપઝલક દર્શન કરતા અને યોગીજી મહારાજે અમને ધારીને દર્શન કરતાં શિખવાડ્યું. ગોંડલમાં અમે દોડીને દર્શન કરી આવતા અને પાછા યોગીબાપા આગળ ડાહ્યાડમરા થઈને બેસી જતા. ત્યારે બાપા પૂછતા અને દર્શન કરવાની વાત શિખવાડતા, સમજાવતા. યોગીબાપા સવારે ગોંડલ અક્ષરદેરીમાં બેસીને પૂજા કરતા, દર્શન આપતા. પોતે પ્રદક્ષિણા કરતા, દંડવત કરતા, 'શિક્ષાપત્રી'નું વાચન કરતા; આ બધાં દર્શન અમે કર્યાં છે. અને એવું જ્યારે આપણે કરતા હોઈએ ત્યારે આપણને એની સ્મૃતિ થવી જોઈએ, એ વાત આપણને સાહેબે શિખવાડી છે. તો એને મન એ પ્રગટ છે, પ્રત્યક્ષ છે.

યોગીબાપા, તેઓની ઉત્તરાવસ્થામાં સવારે એક વખત મંદિરે દર્શન કરવા માટે પધારે. જાળીનો દરવાજો પકડીને ઊભા રહે. ટીકી ટીકીને દર્શન કરે. અને પછી મોટેથી એટલે કે, આજુબાજુવાળાને સંભળાય તે રીતે બોલે કે, 'મહારાજ, મજામાં છો ને ? પૂજારી બરાબર તમારું બધું લાલનપાલન કરે છે ને ?' એમ ખબર પૂછે. એટલે જે પૂજારી હોય એય સમજી જાય કે, આપણે કેવી રીતે પૂજા કરવી. ભગવાનને આંખો છે, ભગવાનને કાન છે, એટલે ભગવાન જોતા હોય-સાંભળતા હોય એવી રીતે યોગીજી મહારાજ બંધ જાળીના દરવાજા આગળ સળિયા પકડીને ભગવાન સાથે વાત કરે. એટલે કો'ક અખ્તરડાહ્યાએ યોગીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો કે, 'તમે કહ્યું એ તો મહારાજે સાંભળ્યું, પણ મહારાજે શું જવાબ દીધો તેની કેમ ખબર પડે ?' એટલે કે, બરોબર છે, પૂજારી કપટ કરતો નથી, પૂજારી સારી સેવાચાકરી કરે છે એવો જવાબ તો આપે ને ઠાકોરજી ! ત્યારે યોગીબાપા એમ કહે કે, 'આપણે ટૅલિફોનમાં કો'કની જોડે વાત કરીએ તો આપણે જે બોલીએ એ આજુબાજુવાળા સાંભળે, પણ સામેવાળો જે જવાબ આપે એ તો આપણે એકલા જ સાંભળીએ ને ! એમ મહારાજે શું જવાબ આપ્યો એ તો મને એકલાને જ સંભળાય ને ! આજુબાજુવાળાને ક્યાંથી સંભળાય?' આવો યોગીબાપાનો જવાબ હતો. પણ આપણે દર્શન કરવા જઈએ ત્યારે આ પ્રસંગની સ્મૃતિ થાય તો મૂર્તિ જીવંત થઈ જાય. નામીએ સહિત નામ, સ્મૃતિ સહિત દર્શન !

યોગીબાપાનાં મેં દર્શન કર્યાં છે. જશુબાપાનાં તમે અને મેં પણ દર્શન કર્યાં છે. આપણે જ્યારે અહીંયાં મૂર્તિનાં દર્શન કરીએ, ચિત્ર પ્રતિમાનાં દર્શન કરીએ, ત્યારે એ દર્શનની સ્મૃતિ સહિત દર્શન કરીએ તો એ પ્રગટ અને પ્રત્યક્ષ છે. હૃદયના ભાવ સહિત દર્શન કરવાં. અને 'શિક્ષાપત્રી'માં કહ્યું છે, દર્શને જાવ તો ઠાલા ના જવું. એટલે કે, ખાલી હૈયે ના જવું. આપણે કંઈક નિમિત્તરૂપ ભગવાન આગળ પત્રં પુષ્પં ફલં તોયમ્ જે કંઈ પણ યથાશક્તિ હોય તે લઈ જવું, આ નાનપણના અમારા સંસ્કાર.

જશુભાઈને ફરી પાછા યાદ કરીએ. બેઉ હાથની બે મુઠ્ઠીમાં કમળાબા ચોખા આપે, એ ચોખા લઈને જશુભાઈ સ્વામિનારાયણ મંદિરે પોતાના ઈષ્ટદેવનાં દર્શન કરવા માટે જાય. પણ રસ્તામાં જે કોઈ પણ દેવસ્થાન આવે એમાં એક મુઠ્ઠીમાંથી થોડા થોડા ચોખા એ ભગવાનને પણ અર્પણ કરતા જાય અને આખી મુઠ્ઠી સ્વામિનારાયણ મંદિરમાં આવીને સ્વામિનારાયણ ભગવાન આગળ અર્પણ કરે. મારા ભગવાન, મારું મંદિર અને મારું સઘળું એને અર્પણ ! આવી એમની બાળપણની સ્મૃતિ ! ભલેને આપણે ચોખા લીધા વગર ખાલી હાથે આવીએ, પણ આપણે જશુભાઈની સ્મૃતિ કરતાં કરતાં મંદિરે આપણા ભગવાનનાં દર્શન કરીએ તો પણ ભગવાન સદાય દિવ્ય સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ છે. ખાલી હૈયે નહીં આવવું. હૈયામાં પ્રેમનો ભાવ લાવવો, માહાત્મ્યનો ભાવ લાવવો, ધન્યતાનો ભાવ લાવવો કે, 'અહોહો ! મારા પ્રભુનાં દર્શને જાઉં છું, મારા ગુરુનાં દર્શને જાઉં છું !' એ કહેવાય ઠાલા ઠાલા ના જવું.

***અને નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવ એમને પૂછો તો પણ ડાહ્યા છે તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંત તેને જ કલ્યાણના દાતા બતાવે.***

એટલે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'જેવો બીજાને સમજાવવાનો આગ્રહ છે, એવો પોતાની જાત ઉપર આગ્રહ રાખવો.' આપણે બીજાને સત્સંગ કરાવવા, સત્સંગનો પ્રચાર કરવા માટે નીકળી પડીએ છીએ કે, ભગવાનનું સ્વરૂપ ઓળખાવી દઈએ, સંતોનું સ્વરૂપ ઓળખાવી દઈએ; પણ એ ખોટો અભ્યાસ છે. મારે ઓળખવાનું છે, મારે જીવવાનું છે; આ મુદ્દો તો પહેલો મારે પાકો કરવાનો છે.

પણ, આ સંત ડાહ્યા છે, તે ગમે તેવી યુક્તિ લાવીને સવળી વાત કરે છે અને આમથી આમ દૃષ્ટાંત આપીને ગમે તે રીતે મૂળ સિદ્ધાંત પર નિશાન રાખે છે. એટલે જે પરોક્ષ સંતો થયા અને પરોક્ષ ભગવાનના જે અવતારો થયા તે કોઈ ભગવાનના અવતાર નાના-મોટા, મારા-તારા એવી કોઈ વિક્તિ આપણે કરતા નથી, પણ અત્યારે હાજર વર્તમાન કાળમાં મને મળ્યા એવા જે પ્રભુ, એની મારે વાત કરવાની છે અને તે મારી નિસબત છે.

આપણે કો'કના વ્યવહારમાં, કો'કના વેપારમાં સલાહ આપવા જઈએ તો શું કહે આપણને ? 'તું તારું સંભાળને ! પાછો અહીં મારા ઘરમાં વહીવટ કરવા આવ્યો છું.' શું કહે ? 'તારું ઘરવાળું જ તારું કહ્યું નથી કરતું તો પાછો અહીં મને કહેવા આવ્યો ?' આ બધું આપણે સાંભળ્યું છે. એટલે આપણે ડાહ્યા થઈને બીજે સલાહ આપવા જવું નહીં, આપણે જ એનું આચરણ કરવું. અને આપણે પોતે જ્યાં સુધી આચરણ અને આચમન કરીએ નહીં, ત્યાં સુધી ગંગા કિનારે બેસીને લાખ દેગડા પાણી ઢોળીએ પણ તરસ છીપે નહીં. પણ એક ચાંગળું પાણી લઈને જો પીએ તો તરસ છીપી જાય.

***અને જેવું પરોક્ષ ભગવાન અને પરોક્ષ સંતનું માહાત્મ્ય છે.***

આપણને આપણા સિવાય સામેવાળાનું બધું સારું લાગે છે. પારકાનું બધું સારું લાગે છે અને એમાં મૂળ મુદ્દો માર્યો જાય છે અને આપણું પોતાનું છે એનું સુખ લેવાનું બાકી રહી જાય છે. ભલે મારી પાસે સાઈકલ છે, પણ એ મારી સાઈકલ છે. અને એ સાઈકલ સવારીનો મને જે આનંદ મળે એ સામેવાળાનું સ્કૂટર જોઈને આપણે ગુમાવી દઈએ છીએ. એવું થાય કે, અમે ચડ્ડી પહેરીને સાથે ફરતા હતા, એ ફૉર વ્હિલર લાવ્યો અને મારે સાઈકલ જ રહી. એટલે સાઈકલ મળ્યાનું જે સુખ, જે સંતોષ, જે આનંદ અને સાઈકલ સવારીની જે મોજ એ માણવાની રહી ગઈ. આમ, આપણને પારકું હોય એ સારું લાગે છે. આપણા કરતાં બીજાનો ધંધો સારો ચાલતો હોય એવું લાગે છે. આપણા કરતાં બીજાની નોકરી સારી લાગે છે. અને એટલે તમને પણ એમ થતું હશે કે, આ સાધુઓને સારું, જલસા છે. કાંઈ કશી જવાબદારી નહીં, આગળ-પાછળ કશો ઉલાળ-ધરાળ નહીં. અને અમને એમ થાય કે, આ સંસારીઓને સારું, સારું સારું ખાવાનું-પીવાનું-પહેરવાનું- ઓઢવાનું-મહાલવાનું. 'પારકે ભાણે મોટો લાડુ.' અને અંગ્રેજીમાં એમ કહેવાય છે, 'Grass is always green on the other side.' આપણા કરતાં બાજુવાળાનો બગીચો બહુ સરસ લાગે છે. બાજુવાળાની લોન લીલીછમ હોય અને આપણું ઘાસ પાણી વગર સુકાતું હોય. તો ભાઈ, તું તારા ઘાસને પાણી પા ને ! ક્યાં કોઈ ના પાડે છે ? બાજુવાળાની જોડે સરખામણી કરે છે અને દુઃખી થાય છે. એમ પરોક્ષ. જે પરોક્ષ છે - બીજું છે, તમારું નથી. અને એનાથી આગળ કહેવું હોય તો તે પરાયું છે, પારકું છે.

મારા ગુરુ ! મારા પ્રભુ! મારું મંદિર ! જુઓ, સાહેબદાદાએ શું કર્યું ? અહીંયાં મૂર્તિઓ પધરાવીને આપણને ભગવાનની સાથે જોડ્યા. અરસપરસ આપણને બધાને જોડ્યા. જુઓને, આ નિમિત્ત છે તો કેટલા બધા મુમુક્ષુઓ ભગવાનની વાણી સાંભળવા માટે એકત્ર થયા ! આપણને બધાને પણ અરસપરસ જોડ્યા, નહિ તો ક્યાં કોઈનો લોહીનો સંબંધ છે ? ક્યાં કોઈનું કોઈ સગપણ છે ? પણ ગામેગામથી જુદાં જુદાં મંડળોમાંથી ભક્તો આવીને આ ભગવાનના ધામમાં ભેગા થયા. ***(ક્રમશઃ)*** ◆





Divine Discourses of Sant Bhagwant Sahebji

# Spiritual Essence

***Vachanamrut Gadhada Pratham 51, 'Only a Diamond Can Cut a Diamond'***
***12 April 2018, Brahmajyoti, Mogri***

*Original Discourse in Gujarati Transcreated by : Bhavisha Tailor*

**How** can one have *darshan*[1] of God, when the ten senses consisting of the five *karma-indriyo* and the five *gnan-indriyo*[2], alongside the *antahkaran*, consisting of the mind, intellect, consciousness and ego are all *mayik*[3]? How can one develop conviction in God? This is the question being asked. In response, to explain what He wanted to, Shriji Maharaj spoke at such length in this Vachanamrut. He had manifested independently in human form, and for human beings to attain Him, understand Him or have His *darshan* through their *mayik* senses and *antahkaran*, is and was impossible. But if one can connect to a great Sant, or his grace falls upon you, or you develop *atma-buddhi* and *preeti*[4] for such a Sant, then the Sant will say, 'this Sahajanand Swami is not a man, but the Lord himself.' And because of your love for him, you will accept it straight away and *mayik-bhav* will disappear. The sadhu is joined to God and therefore he joins us to God. The sadhu has seen God, and so he reveals the God that we cannot see within God. In this way, Bhagwan Swaminarayan showed the great importance of sadhu-Santo. It was this that Shastriji Maharaj spread through the pure Upasana of Akshar Purushottam, and because of which we are all so fulfilled today.

It is only when we attain such a Sant, and we develop such conviction, that devotion is ignited, otherwise our devotion becomes purely ritualistic. Remember! Even if one sits in front of Thakorji for four hours a day; bathes Him, plays with Him, feeds Him, puts Him to sleep and yet when all of that is done, you will not be able to see any change in the person – there is no transformation at all. If you sit in front of Thakorji and do *dhun* for four hours, then there must be a change. You will completely change from within. But if you do not have *pragat*[5] *Upasana* and you are carrying out your devotion with *paroksh-bhav*[6] then you will develop *sanskar*[7]. Devotion to *paroksh* will feel good, because people will praise you and give you so much respect. Yogi Bapa used to say, 'Roasted chickpeas may taste good, but they won't grow. Nobody will eat raw chickpeas, but when they are placed in the ground,

---

**[1] The act of perceiving with great love and reverence.**

**[2] *Karma-indriyo* refer to the five senses, and *gnan-indriyo* refers to the cognition behind the five senses and therefore are referred to as 'cognitive senses'.**

**[3] *Mayik* means of the world; removed from God.**

**[4] *Atma-buddhi* and *preeti* means to love the Satpurush as one's own soul, and thereby refers to a bond of inseparable loving association.**

**[5] *Upasana* refers to both philosophy and practice, and *pragat Upasana* refers to one of the fundamental tenets of Akshar Purushottam Upasana, which is the belief that God is manifest on earth in human form.**

**[6] *Paroksh-bhav* refers to worship whereby God is not directly present or approachable in human form.**

**[7] *Sanskar* refers to becoming cultured. It refers to good habits, positive values and the impetus to be a better human being.**

they will grow.' Similarly, devotion to *pragat* or the manifest form of God will change you from within, and that devotion is through the association of the Satpurush.

Today is *Chaitra Vad Ekadashi*. It is the day Shri Vallabhacharya Maharaj was born. After Shri Krushna Parmatma renounced his physical existence, if there was anyone that spread Shri Krushna Bhagwan's *mahatmya*[8], and ignited the desire to please God and offer devotion unto him, then it was Shri Vallabhacharya! It was after this that the world came to know Shri Krushna Bhagwan as God, otherwise no one knew. Shri Vallabhacharya carried out the *upasana* of Bhagwan Shri Krushna and so he himself became at one with Krushna. As Vallabh, he participated in a philosophical debate of scholars and established the principle of *Shuddh Advait* with reference to Shri Krushna Bhagwan and that is why he was conferred the title of *Acharya* and therefore became known as Shri Vallabhacharya. Bhagwan Swaminarayan has also said, 'I did *vicharan*[9] for eight years, met everyone, examined all the principles, read all the scriptures and stayed with Sadhu-Santo who lived their lives according to these, but I found that in the age of *Kaliyug*[10], the best path for the liberation of the soul is the one that Shri Vallabhacharya established and that is the supreme path of *bhakti*; and so we too will propagate the path of devotion.'

That *bhakti* – that devotion is only ignited when you develop firm conviction in the manifest form of God. Thereafter, whatever you do is done only with the sentiment to please Him. The devotion that is carried out with *paroksh-bhav* becomes ritualistic because the devotee does this every single day and after a while, because it becomes habit, it is done automatically and mechanically. But when you have firm conviction in God and you have a bond of exceptional loving association for the Sant then it makes your devotion alive, because you have the sentiment that your Lord and your Guru will be pleased with this. The Satpurush explains the essence of all such devotional activities and thereby brings us to a point where our thoughts become pleasing to God, and teaches us to live life in a way that is pleasing to God.

**[8] *Mahatmya* refers to the deep understanding of the greatness, glory and divinity of God [and his Santo and devotees]**

**[9] The act of travelling from place to place with the sole aim of carrying out God's work.**

**[10] *Yuga* in Hinduism refers to an epoch or era, within a four-age cycle. *Kaliyuga* is the fourth of these and is characterized by ignorance , discord and lack of virtue.**

And so when you become a receiver of God's *prasannata*[11], even if your worldly senses and *antahkaran* are inclined to enjoying worldly things, you will still have God's *darshan*.

There was a devotee in Gopalanand Swami's time, who would do so much *seva.* He had exceptional love and affection for Gopalanand Swami. One day, Gopalanand Swami became so pleased with him and asked the devotee, 'Do you want to see Akshardham?' The devotee was overjoyed, because Gopalanand Swami was a *siddha-purush*[12]… He had accomplished *ashtang-yog* and was among the most blessed of Bhagwan Swaminarayan. Bhagwan Swaminarayan had made Gopalanand Swami the head of both *Gadis*. He was also a *vachan-siddh purush*, meaning whatever he spoke would come to happen. The devotee was so happy and said to Gopalanand Swami, 'O Swami! I want to see Akshardham!' So Swami said, 'ok, I will show you.' During *vicharan,* they happened to go to Junagadh. At Junagadh Mandir, Gunatitanand Swami happened to be sleeping on his side - at work in another universe. Gopalanand Swami called that devotee and said, 'See the one who is sleeping? That is Akshardham.' Would anyone believe this? We would think, Sayaji Rao Gaekwad Palace is so beautiful, Buckingham Palace is so beautiful – the lights, the luxury, all the five star hotels are so beautiful and so Akshardham must be so exceptionally beautiful! All of these abodes of God are built up in our imagination. Pointing to Gunatitanand Swami, Gopalanand Swami said, 'This Sant is Akshardham. Do *darshan.*' That devotee's senses and *antahkaran* were worldly, so if he were to look he would think, 'can you seriously call this Akshardham? This is a man and he is sleeping; how can you call him Akshardham? No this can't be Akshardham.' See, if one had to accept this through their worldly senses and *antakharan,* then no-one would be able to accept this. But this devotee had exceptional love for Gopalanand Swami and he knew that Gopalanand Swami would never, ever speak an untruth. He knew that Gopalanand Swami will only speak the truth, and it will always be to my benefit. So as soon as Gopalanand Swami said to him that, 'He who is sleeping is Akshardham, do *darshan* while you can,' – the devotee immediately began to prostrate before Gunatitanand Swami. He must have done 20

**[11] When God or Guru is so pleased with you that it culminates in an outpouring of grace, this is called *prasannata.***

**[12] *Siddha purush* literally means 'one who is accomplished' (in the spiritual sense), and who by that accomplishment wields paranormal powers.**

to 25 prostrations, and *pradakshina*. This is dissolution of *mayik-bhav*!

If you have *atma-buddhi* and *preeti* for the Satpurush, then you will be able to accept his word; you will be able to accept what he says. And so at that time, the worldliness that is within the senses and the mind, intellect, consciousness and ego, will not come in the way. When you can accept his words and start to act in that way, then the worldliness, the *mayik-bhav* that is within the senses and the *antahkaran* will be removed and everything will become non-wordly or *amayik.* This is the whole process of sadhana – our spiritual practice, on the path of devotion. Whatever action we perform with the sentiment to please our Lord is *bhakti;* that is devotion. Remember! Simply any ritual act or act of worship cannot be called devotion; those activities will grant *sanskar*. But remember! Any act carried out to please God and the Satpurush, by His *aagna*[13], is what you call devotion.

On the battlefield of Kurukshetra, it was plain to see that Arjun carried out violence. Is there any religious tradition in the world that teaches you aggression? Our scriptures say, 'Non-violence is the highest *dharma*' and to kill another being, is an act of violence that is considered a huge sin. Arjun did not want to go to war; he did not want to fight, but Shri Krushna Parmatma while uttering the 'Shrimad Bhagavad Gita' on the battlefield of Kurukshetra, awakened Arjun to fight. Arjun crushed the Kaurava army. Just look, Bhishma Pitahma was a *naishthik brahmachari*[14], Yudhishthira was truth personified, and Dronacharya was such a great Guru! But for liberation, they were all left faffing about, whereas Arjun was totally free of worry. He had no fear at all with regards to any of this. Even though he had engaged in battle, he was aloof from it all; none of it left an impression on him. It is like falling in water and yet remaining dry! How is this possible? He had committed so much violence and yet none of it left an impression on him. How? Devotion! What devotion? He fought upon the instruction from God; he became an instrument for God's work – and so he remained totally aloof from the act. He kept this sentiment : '*Karishye vachanam tava'* – meaning, 'Oh Lord, I want to do as you say.' However, it was his worldly senses and *antahkaran* which were stopping him, because his mind and intellect were saying, I cannot harm my family and my relatives and I do not want to rule over the kingdom by destroying them.' All of these thoughts arose from his *rajogun* and *sattvagun*[15], and so he initially refused to fight. However, because he developed conviction that Shri Krushna Parmatma is God; Arjun took His shelter, surrendered to Him and because of that he followed Shri Krushna Bhagwan's *aagna* and as a result the worldliness within his senses and his mind, intellect, consciousness and ego, all disappeared. Out of the six mandirs that Bhagwan Swaminarayan created, the first one was in Amdavad, and the first *murtis* He installed were of NarNarayan Dev. Nar means Arjun, and Narayan means God himself. So today, Arjun is worshipped alongside God. Arjun earned God's utmost *prasannata.*

In the age of *Kaliyug* very few are able to perform austerities. I don't think there is anyone here that has performed a *nirjala*[16] Ekadashi fast today. In Bapa's time, half of the sabha would have done a *nirjala* fast on Ekadashi. We are not able to do a *nirjala* ekadashi fast, and there must be many here who do not fast at all on Ekadashi. Why? They will say, if we do this we fall ill. If it gets too hot, it is a problem; if it gets a little cold, that is also a problem, if it rains, that is a problem, if it is too windy, it is a problem, and if there is a storm, then that's a problem too. We are not in any position to perform any austerities, and yet our transformation is happening; we are changing and we are becoming more and more fulfilled. How? Through devotion. That is why Bhagwan Swaminarayan said, 'In *kaliyug*, there are very few who will perform austerities, and yet to enable them to make the greatest attainment, I have given the association of Santo.' When you join with such Santo, then whatever you do with the *aagna* of such a Satpurush, with the purpose of pleasing God, becomes devotion. God says, when you perform devotion in this way, 'we become pleased and your life changes.'

Shri Vallabhacharyaji gave the biggest gift to the world, in the form of devotion. In his time, he explained the means to please God, but where its essence is not understood, it becomes pure ritual. And people will be immersed in that ritual from morning till night. Whereas, what type of devotion did Yogiji Maharaj teach? If the mahapuja is being done in the mandir and some guests arrive, then Gopalbhai would

**[13] Any instruction given by God or Guru, which is always for our spiritual benefit.**

**[14] Refers to the highest form of celibacy, in word, thought and deed.**

**[15] In this context, *sattvagun* refers to a state of mind where righteousness prevails and *rajogun* refers to the emotional state of mind.**

**[16] Complete fast, with no intake of any food or drink, not even water.**

immediately get up and welcome them, honour them, seat them, offer them some water and then get back to doing the mahapuja. Whereas for those whose *pooja* has become a ritual, they will not get up at all. They will not come out of their room, and nor will they let you enter. This shows that obstinate rigidity has set into the ritual. There is no rigidity in devotion, rather there is liveliness and that is where the joy stems from.

Bhagwan Swaminarayan said, these devotees are the very form of God that you ritually bathe, worship, feed and put to sleep; so then how can you ridicule them? God says, that when you serve them, you are in essence serving me! It was Yogiji Maharaj and Shastriji Maharaj that taught us this kind of devotion by which the worldliness and *mayik-bhav* in our mind, intellect and senses would dissolve and become divine.

Shastriji Maharaj propagated the pure Upasana of Akshar Purushottam, and gave us an exceptional path to transform our lives. If you are free, then you can do *pooja*, *dhun, bhajan* and prayer. Rather than remaining idle or doing countless other things – do *dhun, bhajan* and prayer; perform the *seva* of Thakorji. But in that process God, God's sadhu or God's devotee must not be sidestepped. This can only come with *mahatmya* and it is that *mahatmya*-filled devotion that transforms our lives.

It transforms the worldliness – the *maya* that resides within our five senses of action, our five cognitive senses and the four parts of our *antahkaran* (mind, intellect, consciousness, ego), and makes it all divine, and then the joy that arises is of a completely different nature. The function of the eyes is to see. See what? The person sitting in front of me is what the eyes see. Our nervous system sends a message to the brain that the person that you see is Amitbhai, and the knowledge that this is Amitbhai comes from the *gnan-indriya.* But for that vision to become divine, one has to see the God living within the person that you see in front of you. This Amitbhai is God's devotee; how can I serve the Lord that resides within him? If one thinks in this way, then your whole behavior and attitude towards him will change. Our senses, our mind, intellect, consciousness and ego are all *mayik* and so we interact with others superficially, seeing only the surface, but when the sentiments that reside within the senses and the *antahkaran* change, then one will interact with others seeing only their association [with God] – and so the whole dynamic changes. Then no matter what that devotee is like – he is God's devotee isn't he? And you will hug him. Then even if that devotee swears at you, it will not affect you in the slightest. 'He is God's devotee isn't he?! God is working through him to remove my ego.' In this way, humility is sparked automatically.

Then, whatever food is given is taken as *prasad*. Wherever one goes, there is no problem with food. Whatever one gets, one eats. One should find mandir food tastier than restaurant food, because it is God's *prasad.* That is *mahima* and that is what you call *mahatmya.* At Gondal mandir, there would be *khichdi* and *shaak* every single evening, but it would be so enjoyable. Why? Because it was the *khichdi* of Gondal Dham, and there was *mahima* of *prasad*! If there is *mahima*, then you will be able to see God's association in all things. The *khichdi* itself had association and therefore became *prasad*, and that is why its flavor was different. Similarly, whatever the devotee may be like, but his association is with God! And for that reason we feel joy when we meet the devotee. And so all the mental calculations i.e. the calculations of taste – the calculations we form from what we see – all change automatically. And as a result, how exceptional would God seem? If we can keep these sentiments for devotees, then our way of perceiving Santo and God will change, and we will be filled with love when we do their *darshan.*

There is no special spiritual practice to transform our mind, intellect, consciousness, ego and senses. Through the mind, remember Him – meditate upon Him. Through the intellect, speak, sing and listen to the virtues and *mahima* of all. Through one's consciousness, contemplate Him and remember his *murti.* Then comes the ego – 'I am so good looking, so educated, so wealthy, so powerful; I sing so well or I write so well!' All of this is ego. But all of this is gifted to us from God. Who has given the gift of a sweet voice? It is God that has gifted this. For some it may be painting, for others it may be writing, or speaking; in this way all of the varied skills are all gifts from God. If one can understand and believe that all of this has come from God, then one can become free of ego, and as the *mayik-bhav* that resides within the mind, intellect, consciousness and ego subsides, all of these automatically become divine.

Because of our love for the Satpurush, we listen to the *mahima* of association [with God, Santo, devotees] over and over and over again, such that eventually our way of perceiving things, way of listening, our way of speaking all automatically starts to change; we don't have to consciously change anything. That is why Bhagwan Swaminarayan has said, greater than the earth is water, greater than water is light, greater than light is space, greater than space is *pradhaan purush*, and ascending in this way, the greatest is

Akshar, and that even greater than Akshar, and above Akshar is God himself, and you have attained His manifest *swaroop*[17].

Through this, all Maharaj was trying to say was that I, who am the ruler of countless universes, is who you have attained. In spite of this, you will only look at me as a man because your vision is *mayik.* When I speak, you will interpret what I say with your intellect, but your intellect is worldly. In this way because our vision is worldly, we see God as simply another human being. But when you have *mahima* for the Satpurush, and you develop *atma-buddhi* and *preeti* for him, then the essence of God that resides eternally within him, completely transforms the way we look at things.

When we go for an eye test, they make us wear an empty frame. They then slide two lenses into that frame and ask us to read, starting from the first line, then the second and then the third and so on. What the line starts to look blurry, they change the lenses. In this way the glass lenses keep changing throughout those five lines and you are asked through which can you see better? This one or this one? In this way, when you can see completely clearly, they tell us the number of our lenses. Similarly, at first when the Satpurush says, 'what can you see?' – you will say, 'I see a man.' He will say, 'is that so?' and then he will speak to you, discourse, get you to do *seva*, wash dishes, take the extra weight out of your pockets. You will think, 'he is gathering all of this…' but he is not doing that at all; he is in the process of giving you glasses – the vision with which to see clearly. He will make you do different activities one after another, and after four to five years when you start doing things the way he says, then you realize, 'ohoho, this is the manifest Lord himself!' In this way he changes our vision. This is what the Satpurush does.

*Mayik-bhav* for God is when we feel in whatever is happening, that God is making me suffer. But no, that is not true; God has come to give us joy and contentment. What causes us to suffer are the orientation and sentiments of our mind, intellect, consciousness, ego and senses. To change that orientation and those sentiments; to remove the *mayik-bhav* that resides within them, Maharaj has elaborated upon this in this Vachanamrut, and told us who He is and what He has come for. He has explained so much to us. But we are not able to see God, because our perception is worldly. To make our *mayik* vision divine, He brought Gunatit and Santo with Him. And through pure Upasana, Shastriji Maharaj gave us recognition and understanding of the *Akshar-roop* Sadhu. So, what happens when you join with such a Sadhu? He dissolves our *mayik-bhav* and we attain joy and contentment.

We are so very fortunate. We have come at exactly the right time. Shastriji Maharaj and Yogiji Maharaj spread this pure Upasana. In Shastriji Maharaj's time, you would get beaten for calling the 'Jai' of Akshar Purushottam Maharaj. Whereas now, you would be welcomed with great pomp and ceremony! Previously Yogi Bapa would say, 'The stove in Sarangpur could only be lit in the afternoon, if we went asking for alms in Khambhda in the morning.' They could only cook the afternoon meal by going out in the morning asking for grains. They would come back to the mandir at 10.00am and then cook the meal, but they would have to go out the very next day, for the next meal! And now? If we were to go on *padharamani,* then devotees offer *ras-rotli*, *malpuva-dudhpaak, shrikhand-puri, khandvi* and *undhiyu*. They make all of this. Even if we refuse it, they say, 'no, you have to eat this!' Devotees have developed so much *mahima*! But by whose strength and grace? It is by the strength and grace of Bhagwan Swaminarayan, Shastriji Maharaj and Yogiji Maharaj! They changed everyone's *mayik* vision. Because that *mayik-bhav* has become non-*mayik*, the *mahatmya* for Santo and devotees has increased so much, that everyone feels what can we not do for them?! Devotees are performing their *seva* with the understanding that by serving the Lord that resides within Santo-*bhakto*, the Lord is pleased. What self-motivated interest do they have? What do they want? Today's devotees are not asking for anything. Today if you travel within the satsang, you will see that devotees are not demanding anything at all. Whatever situations or circumstances the Lord puts them in, they are simply asking for the strength to cross over them and pass them with *dhun-bhajan,* prayer and *seva*. This is the exceptional spiritual community that our Lord has placed us in, and got us to carry out our devotion. If we could understand the glory of each and every one, we would feel so deeply fortunate, and that is characteristic of our *mayik-bhav* having dissolved. And to dissolve this, is one of the principal goals of our spiritual practice.

Yogi Bapa graced us and gave us the gift of such great Santo! Pramukh Swamiji, Mahant Swamiji, Kakaji, Pappaji, Hariprasad Swamiji, Guruji and Santo, Ashvinbhai, Shantibhai, Bharatbhai, Ratibhai, Sanandbhai, Harshadbhai, Poonambhai, V.S. and all of these Santo are a gift from Bapa. During Bapa's time, they lived with this *bhav;* they performed Bapa's *darshan* with this sentiment, carried out his *aagna* with this *bhav* and to please Bapa, believing all devotees to be faultless, they served them in word, thought and deed, and so

**[17] One whose self-identity is completely merged in God. It refers to a state of one-ness with God.**

they attained God's *prasannata*. They did not fall into any judgment, comment or criticism of devotees, no matter what they were like, and instead cultivated affection for them, because they are all God's devotees aren't they?! And so the *mayik-bhav* that resided in the intellect dropped away.

Then there is the *mayik-bhav* that resides in vision. When one looks at the opposite gender – at a female, one sees beauty, or she is dark, she is fat etc., but when you see the individual as an *aksharmukt*, then all of those other perceptions dissolve. And when either gender looks at the opposite gender with this sentiment, then your *deh-bhav*[18] will go. Remember this! At least try to practice this. When you speak with someone, speak as if you were speaking to God; look at them as if you were looking at God. To judge someone as being right or wrong – are all calculations of the mind, but if you hold onto the sentiment that it is God that is acting through him or her and interact with them in that way, then it means you have risen above the intellect and have risen above *mayik-bhav*; and that is the characteristic of having become *Akshar-roop*. What Maharaj was saying, is that over and above everything is the one Lord, and besides this, there is nothing else.

Gunatitanand Swami would perceive everything as wonderful. And just look at Yogi Bapa! When the ink-pot spilled, someone said, 'Bapa, that is inauspicious,' but Bapa replied, 'No Guru! That is auspicious!' Once Bapa was walking while holding the hand of a youth. The youth was wearing a watch, so Bapa asked him, 'what time is it?' So another youth replied, 'Bapa, his watch has stopped, it doesn't work.' So Bapa replied, 'Guru, you cannot say that; it shows the right time twice a day, doesn't it?!' This was Yogiji Maharaj! We may think it is funny, but they are teaching us that no matter what the circumstance, no matter whatever the situation but see God as the all-doer. And once you believe God to be the all-doer, no matter whatever situation arises, do *bhajan* to have the strength to accept it, then your joy will not go.

For us, God is so very generous, so very compassionate! Whichever situations we are put in, if we use those situations to do *bhajan*, then we would cross over everything! God's devotees should only use one tool – only look to one solution – do *dhun*... Swaminarayan... Swaminarayan... Swaminarayan... !!! No matter what the situation, God will certainly, certainly, certainly help you. God says, 'You have attained me, so do *dhun-bhajan* and pray. You will be tested and I will put you through trials, but I will also take you across them and make sure you come out the other side. Just remember me and call out to me.' For Prahlad, God manifested out of a red, hot pillar; and when Narsinh Mehta's hands were put into boiling water, they came out unscathed. When Meerabai drank the poisoned milk, nothing happened to her. When a cobra bit Yogi Bapa, nothing happened to him. Just look at all of these examples! That is why God asked us to do *bhajan* and to cultivate the habit of *bhajan*. The easiest weapon of all is that of *bhajan*, but it is so difficult for us to put into practice.

The one who can understand the importance and *mahima* of *dhun*, has Aladdin's lamp in his hand. You may have the magical lamp in your hand, but if you do not rub it, then what? If you do not rub it, the genie will not come out. For the genie to appear, you have to rub the lamp. Similarly, God says, 'I am in front of you and behind you, but call out to me! Remember me! Then I will certainly, certainly, certainly come!' And to call out means? Swaminarayan... Swaminarayan... Swaminarayan ! And if you want your call to reach God, and make sure it is not disconnected, then you have to understand the *mahima* of God and God's devotees. If you fall into any kind of gossip, slander, criticism or ill-talk of any devotee, then know that your line to God has been disconnected. Then no matter how loud you shout, God will not hear you. *Nirdosh-buddhi*[19] is the supreme *seva*. If you pray holding onto *nirdosh-bhav* then God says, 'I am next to you; I am with you, I am within you and I am within every devotee.' As we start to gradually believe this, understand this, we will also start to experience this. Then the joy, peace and complete ease in our hearts will start to increase all of a sudden. And because we have *atma-buddhi* and *preeti* for such a Satpurush who leads us to this understanding, this path has been opened up to us.

This is the greatness of Santo like Ashvinbhai and Shantibhai! Remember! They are not ordinary sadhus. We have attained such exceptional sadhus simply by God's grace. But to live with them and understand their *mahima* is extremely difficult and is a great attainment. One should understand their glory in this way, know their words to be true, and if you live according to their *aagna*, do *dhun, bhajan, prarthana* and *seva*, then the *mayik-bhav* that resides within us will automatically change.

Sahajanand Swami Maharaj ni Jai ! ◆

[18] ***Deh-bhav* in a literal sense refers to the attachment we have with our bodies, forgetting that the 'soul' is our true self- which is separate from the body i.e. all our desires, ego, emotions etc. Because we have *deh-bhav* we are prone to anger, infatuation, grief etc.**

[19] **The inner feeling and conviction that God and all of God's devotees are faultless.**

# સત્સંગ સમાચાર

## સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનું ૭૯મું પ્રાગટ્યપર્વ

બ્રાહ્મીસ્થિતિને ધારક ગુણાતીત સાધુ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનું ૭૯મું પ્રાગટ્યપર્વ અત્યંત ભક્તિભાવ સાથે ડિજિટલ માધ્યમના ઉપયોગથી ૧૩થી ૧૫ જુલાઈ દરમિયાન ઊજવવામાં આવ્યું. આ પ્રસંગે દેશ-પરદેશના હજારો અક્ષરમુક્તો ડિજિટલ પ્લૅટફૉર્મ પર એકત્ર થયા અને ભક્તિ અદા કરી. સંતો અને ભક્તોએ અકલ્પનીય મહિમાગાન કરી પૂ. અશ્વિનદાદાના પ્રેરક જીવનનું યથાર્થ દર્શન કરાવ્યું. સર્વ બાબતોમાં પારંગત પૂ. અશ્વિનદાદાની યોગીબાપા તથા સાહેબજી પ્રતિની ભક્તિનાં પણ અલૌકિક દર્શન કરાવ્યાં. તેઓનું વર્તન જ અન્યના જીવનમાં સવળું પરિવર્તન લાવે છે, તેવો ભાવ સૌ દ્વારા થયેલ માહાત્મ્યગાનમાં છલકાયો.

૧૩ જુલાઈના રોજ યોજિત સભામાં જગતભાઈ કિલ્લાવાલા (મુંબઈ), ડૉ. બિમલભાઈ સુખડિયા (સુરત), ચંદ્રકાંતભાઈ (વેમાર), દિવ્યાંગભાઈ (અમદાવાદ), સાધુ પૂ. હરેશદાસ (માણાવદર) અને સાધુ પૂ. યજ્ઞેશદાસ (બ્રહ્મજ્યોતિ, મોગરી)એ, ૧૪ જુલાઈના રોજ સાધુ ઉત્પલદાસ-સાધુ સતીશદાસ (બ્રહ્મજયોતિ, મોગરી), સાધુ ભૂપેન્દ્રદાસ-સાધુ કિરણદાસ (યુ.કે.) તથા ભાવિશાબહેન (ભારત) અને જાસ્મિનભાઈ (ઑસ્ટ્રેલિયા)એ તથા ૧૫ જુલાઈએ પૂ. અશ્વિનદાદાના તારીખ મુજબના પ્રાગટ્યદિનની સભામાં સતીશભાઈ ચતવાણી (યુ.કે.), સાધુ પૂ. અરવિંદદાસ (અમેરિકા), સાધુ પૂ. દિલીપદાસ (બ્રહ્મજયોતિ, મોગરી)એ માહાત્મ્યગાન કરી ભક્તિ અદા કરી.


આશીર્દાન : સંતભગવંત પ.પૂ. સાહેબજી

ત્યારબાદ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ આશીર્વાદ પાઠવ્યા. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ સૌનાં પ્રેમ અને ભાવનાનો સ્વીકાર કર્યો અને આશીર્દાનમાં 'સઘળું મોટા પુરુષને લઈને છે. તેઓ જીવનનું મધ્યબિંદુ બની રહે અને તેઓને રાજી કરવાનો આલોચ જ જીવનનું ધ્યેય થઈ રહે.' તેવી પ્રાર્થના કરી. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનો અલૌકિક મહિમા ગાયો અને તેઓની સમજણેયુક્ત પ્રીતિની સ્થિતિનું સુંદર વર્ણન કર્યું. ◆


સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા


સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા


મંગલ પ્રાગટ્યદિને સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા દ્વારા શણગાર આરતી અર્પણ

**ગુરુસભામાં :** અનુપમ મિશન સંચાલિત યુવકોની અઠવાડિક સત્સંગસભામાં સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના ૭૯મા પ્રાગટ્યપર્વની ભક્તિભરી ઉજવણી થઈ. આ પાવન પ્રસંગે યુવકોએ પૂ. અશ્વિનદાદાનાં પસંદગીનાં તેમજ સાધનામાર્ગે બળ પૂરે તેવાં કીર્તનો ગાઈને કીર્તન-ભક્તિ અર્પણ કરી, જેમાં સ્વયં પૂ. અશ્વિનદાદાએ જોડાઈ, કીર્તનોનાં ગાન કરી અલૌકિક સ્મૃતિ આપી. તેઓએ કીર્તનોનો આધ્યાત્મિક ભાવ સમજાવી, જે-તે કીર્તન સાથે જોડાયેલી ગુણાતીત સ્વરૂપો સાથેની પોતાના જીવનની સ્મૃતિઓ પણ વહેંચી. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડિજિટલ માધ્યમ દ્વારા કરવામાં આવ્યું, જે દેશ-પરદેશના સેંકડો પરિવારોએ માણ્યું અને આવી દુર્લભ સ્મૃતિ પામી સૌ ધન્ય થયાં ! સંતભગવંત પ.પૂ. સાહેબદાદા અને સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ પણ સૌ ભક્તો પર પ્રસન્નતાના આશીર્વાદ વરસાવી કૃતાર્થ કર્યાં. ◆

## બ્રહ્મજ્યોતિમાં વૃક્ષારોપણ

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીના નૂતન મંદિર પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિન-૧૫ જુલાઈના રોજ પ્રાતઃ મંગલા







સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યપર્વે ગુરુસભાના યુવાનો દ્વારા 'ગુરુવંદના' અર્પણ... સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની આશિષવર્ષા

આરતી બાદ વ્રતધારી સંતો, સ્થાનિક ભક્તોની ઉપસ્થિતિમાં સદ્‌ગુરુ સંતોએ વૃક્ષારોપણ કરી દિવ્ય સ્મૃતિ આપી. ત્યારબાદ બપોરે આણંદ જિલ્લાના સાંસદ શ્રીમાન મિતેશભાઈ પટેલ, કલેકટર શ્રી આર.જી.ગોહિલસાહેબ, આણંદ જિલ્લાના ડૅપ્યુટી ડી.ડી.ઓ. મિતેશ પટેલ, ડી.એસ.પી. અજિત રાજિયાણ, વનસંરક્ષણ વિભાગના અધિકારી શ્રી રાજ્યગુરુસાહેબ, નાયબ મામલતદાર શ્રી ચૈતન્ય સાંગાણી અને સમાજસેવક નીલેશભાઈ ઠાકરે આદિ મહાનુભાવોના હસ્તે સદ્‌ગુરુ સંતોની પુનિત ઉપસ્થિતિમાં બ્રહ્મજ્યોતિ પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

રવિવાર, ૧૯ જુલાઈના રોજ વ્રતધારી સંતો અને યુવાનોએ ભેગા મળીને સદ્‌ગુરુ સંતોના સાંનિધ્યમાં શ્રમયજ્ઞ દ્વારા ૧૫૦થી વધુ વૃક્ષો વાવીને પ્રકૃતિ પ્રત્યેની ભક્તિ અદા કરી. ખાસ તો નૂતન મંદિર અને નૂતન પરિસરના વિકાસમાં જે થોડાં વૃક્ષોની અંજલિ અપાઈ, તેની સામે તેનાંથી અનેકગણાં વૃક્ષો વાવી ઋણ ચૂકવવામાં આવ્યું. ◆





સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિને બ્રહ્મજ્યોતિ પરિસરમાં વૃક્ષારોપણ

## ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરનો ૧૭મો પાટોત્સવ

અમેરિકાના ઍલનટાઉન સ્થિત અનુપમ મિશનના મંદિરમાં શ્રી ઠાકોરજીના ૧૭મા પાટોત્સવ પૂજનની વિધિ ૨૦ જુલાઈના રોજ સંપન્ન થઈ. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાનાં માર્ગદર્શન મુજબ બ્રહ્મજ્યોતિ, મોગરીથી સાધુ પૂ. ઉત્પલદાસ અને સાધુ પૂ. અશોકદાસ દ્વારા પાટોત્સવ મહાપૂજા કરાવાઈ. આ મહાપૂજા મોગરી અને ઍલનટાઉન બંને મંદિરે સંપન્ન થઈ, જેનો લાભ હજારો ભક્તોએ લાઈવ વૅબકાસ્ટ દ્વારા માણી ધન્યતા અનુભવી. મોગરીના પારમિતા મંદિરે સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદા, સાધુ પૂ. દિલીપદાસ, સાધુ પૂ. વાસુદેવદાસ, સાધુ પૂ. ભરતદાસ, સાધુ પૂ. રમેશદાસ આદિ સંતો પાટોત્સવ વિધિના યજમાન પદે બિરાજ્યા તેમજ ઍલનટાઉન મંદિરે સદ્‌ગુરુ સંત પૂ. બૅરિસ્ટરદાદા, સાધુ પૂ. જયેશદાસ, સાધુ પૂ. નરેન્દ્રદાસ, સાધુ પૂ. કૌશિકદાસ, સાધુ પૂ. અરવિંદદાસ, સાધુ પૂ. આશિષદાસ અને હસુકાકા યજમાનપદે બિરાજ્યા.

બંને મંદિરોમાં સંતોએ ભાવથી શ્રી ઠાકોરજીનાં પૂજન, ચરણ પ્રક્ષાલન, આરતી આદિ વિધિ સંપન્ન કરી અને શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કર્યો. ઍલનટાઉન મંદિરે બિરાજમાન શ્રી ઠાકોરજીના અદ્‌ભુત શણગાર સંતો અને ભક્તોની પ્રીતિએ યુક્ત સેવાનાં દર્શન અને અનુભવ કરાવી રહ્યાં હતાં. આ પ્રસંગે સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાએ આશીર્વાદ વરસાવ્યા અને પાટોત્સવની દ્વિદશાબ્દી ભેગા મળીને ધામધૂમથી ઊજવવાનો હૃદયભાવ વ્યક્ત કર્યો. અંતે સંતભગવંત સાહેબજીએ સૌ સંતો અને અમેરિકાનિવાસી અક્ષરમુક્તોની ભક્તિને બિરદાવી, સૌની સમજણ અને નિષ્ઠાનાં દર્શન કરાવ્યાં. તેમજ સૌની સુખાકારી અને નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાઓ ધરી.

## ચૈતન્યજનની બ્રહ્મસ્વરૂપ પ.પૂ. સોનાબા જયંતી

ચૈતન્યજનની સૌનાં બા-બ્રહ્મસ્વરૂપ પ.પૂ. સોનાબાની પ્રાગટ્યજયંતી શ્રાવણ સુદ બીજ, ૨૨ જુલાઈ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં ભક્તિભાવે ઉજવાઈ. પ્રાતઃ મંગલા આરતી બાદ તેઓના સમાધિસ્થાને પૂજન, પુષ્પહાર અર્પણ કર્યાં બાદ સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાએ આશીર્વાદ પાઠવી પૂ. સોનાબાનાં પ્રેમસભર માહાત્મ્યનાં ગાન કર્યાં. ત્યારબાદ મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી સૌએ વંદના ધરી. પ.પૂ. સોનાબાના પ્રાગટ્યદિન નિમિત્તે રાત્રિસભામાં માહાત્મ્યગાન થયાં, જેને ડિજિટલ માધ્યમથી દેશ-વિદેશના સંતો-ભક્તોએ માણ્યાં. આ સભામાં સદ્‌ગુરુ સંતો પૂ. હર્ષદદાદા, પૂ. પૂનમદાદા અને પૂ. રતિકાકાએ પ.પૂ. સોનાબાના અનુપમ માતૃત્વ, અદ્વિતીય પ્રેમ અને તેઓ દ્વારા પ્રાપ્ત થયેલ સત્સંગની સમજણ અને હૂંફનાં અલૌકિક મહિમાગાન કરી આશીર્વાદ આપ્યા. ◆

## તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર શ્રાવણી પારાયણ

શ્રાવણ માસમાં સૌને ભગવદ્ કથામૃતના માધ્યમથી શ્રવણભક્તિ કરવાનો લાભ મળે તે હેતુથી સાહેબજીની પ્રેરણાથી બ્રહ્મજ્યોતિ, મોગરીના પારમિતા મંદિરમાં શ્રાવણી પારાયણનાં આયોજન થયાં. પારાયણનું જીવંત દૃશ્ય-શ્રાવ્ય પ્રસારણ ડિજિટલ માધ્યમ દ્વારા કરાયું, જેનો લાભ દેશ-પરદેશના અનેક ભક્તોએ સપરિવાર લીધો.

*** 'ભક્તચિંતામણિ' ગ્રંથનાં પારાયણ :** સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા દ્વારા સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત 'ભક્તચિંતામણિ' ગ્રંથનાં પારાયણ ૨૪થી ૩૦ જુલાઈ દરમિયાન કરાયાં. અ.નિ. માયાબહેનની સ્મૃતિમાં પારાયણના શુભારંભે સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ પ્રદાન કરી સૌને ધન્ય કર્યાં. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા દ્વારા ભારતમાં



બ્રહ્મસ્વરૂપ પ.પૂ. સોનાબા પ્રાગટ્યજયંતી પ્રસંગે મંત્રપુષ્પાંજલિ અર્પણ

પ્રથમ વખત આ પારાયણ થઈ રહ્યાં હતાં તેથી તેનો વિશેષ આનંદ અને મહિમા સર્વના હૈયે છવાયો હતો. 'ભક્તચિંતામણિ' ગ્રંથનાં ૧૬૪ પ્રકરણો પૈકી શ્રીજીમહિમા, સંતમહિમા અને ભક્તમહિમાનાં પ્રકરણોની વિશેષ સમજ પૂ. શાંતિદાદાએ આપી. ખાસ તો, શ્રીજી મહારાજના સમયનાં લીલાચરિત્રોનો આધાર લઈ પ્રગટ અને પ્રત્યક્ષ સ્વરૂપમાં નિર્દોષભાવ ને દિવ્યભાવ રાખવાની દઢતાની તેઓએ અદ્‌ભુત વાતો કરી. જે પ્રભુ બે સદીઓ પૂર્વે પ્રગટ્યા, તે જ પ્રભુનું દિવ્ય તત્ત્વ આજે માનવ દેહધારી સાધુ સ્વરૂપે સાહેબજી રૂપે પ્રાપ્ત થયું છે, તે ઉપાસનાની વાતની અલૌકિક સમજણ દાખલા આપીને સૌને સુદઢ કરાવી. આ કથામૃત પામી સૌ ખૂબ રાજી થયાં અને આધ્યાત્મિક માર્ગે અનુપમ બળ મેળવ્યાનું સુખ પામ્યાં.

ત્યારબાદ ૩૧ જુલાઈથી ૩ ઑગસ્ટ દરમિયાન રાજકોટ નિવાસી અનુપમ અક્ષરમુક્ત ડૉ. મુકુન્દભાઈ સરવૈયાએ 'ભક્તચિંતામણિ' ગ્રંથના પારાયણને આગળ ધપાવ્યું. શ્રી હરિની ગુરુભક્તિ, ગાદીસ્થાપન, ધર્મધુરા ગ્રહણથી માંડી શ્રીજી-પરચાઓનાં અદ્‌ભુત વર્ણન તેઓએ ભક્તિભાવથી કર્યાં, જેનાં શ્રવણ કરી સૌ ખૂબ આનંદ પામ્યાં.

*** 'સ્વામીની વાતું' ગ્રંથનાં પારાયણ :** સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનભાઈ દ્વારા 'અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતું' ગ્રંથનાં પારાયણ ૪થી ૧૪ ઑગસ્ટ ૨૦૨૦ દરમિયાન કરાયાં. પારાયણના શુભારંભે સંતભગવંત સાહેબજીએ પારમિતા મંદિરે પધારી રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. 'સ્વામીની વાતો' સંશય છેદી, અંતર ભેદી પરમ સુખિયા કરી દે તેવી છે. મુઝવણમાં મૂકાયેલા માટે સંજીવની સમાન છે અને જાગ્રત સાધક માટે સાક્ષાત્કાર પમાડે તેવું અનુપમ માધ્યમ છે. દેહ અને આત્માને નોખો કરી દે તેવી બ્રહ્મજ્ઞાનની વાતો સાંભળવાનો અને તેના યથાર્થ નિરૂપણને પૂ. અશ્વિનદાદાના શ્રીમુખે થતી આ પારાયણ દ્વારા પામવાનો લહાવો સૌનાં હૈયે અનેરો આનંદ આપતો હતો. વર્ષો પૂર્વે ગુરુદેવ યોગીજી મહારાજે પોતાની અંગત સેવામાં રત 'સાધુરામ'-પૂ. અશ્વિનદાદાને પ્રકરણ-૩ની વાતોનો મુખપાઠ કરવાની આજ્ઞા કરી હતી. તે સ્મૃતિને સૌ સાથે વહેંચીને તેઓએ પ્રકરણ-૩ની વાતોનું નિરૂપણ કરી અલૌકિક લાભ આપ્યો.

૬ ઑગસ્ટ, ગુરુવારના રોજ પારાયણમાં અઠવાડિક સત્સંગસભા-ગુરુસભાના યુવાનોએ વિશિષ્ટ ભક્તિ અદા કરી. બાળકો દ્વારા મુખપાઠ કરાતી પ્રચલિત 'સ્વામીની વાતો' તેઓએ પ્રસ્તુત કરી, જેનાં નિરૂપણ પૂ. અશ્વિનદાદાએ કર્યાં અને ઊછરતી બાળ-યુવાપેઢીને સત્સંગ, સંસ્કાર અને વ્યાવહારિક સમજ આપી અદ્‌ભુત લાભ આપ્યો, સત્સંગી માતા-પિતાને વિશેષ માર્ગદર્શન આપ્યાં.

પારાયણ દરમિયાન સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા, પૂ. રતિકાકા અને સાધુ પૂ. દિલીપદાસજીના વિશેષ આશીર્વાદ પ્રાપ્ત થયા. દેશ-પરદેશના અનેક ભક્તોએ શ્રાવણ માસના આ પારાયણ પ્રસંગે સેવા કરી અલૌકિક ભક્તિ અદા કરી. ◆

## રક્ષાબંધન પર્વ

૩ ઑગસ્ટ, શ્રાવણ સુદ પૂનમના પવિત્ર દિવસે બ્રહ્મજ્યોતિ, મોગરી પર રક્ષાબંધન પર્વની સાહેબજીની પ્રેરણાથી મહાપૂજા અને પ્રાર્થના દ્વારા દિવ્યતાસભર ઉજવણી થઈ. પારમિતા મંદિરે થતી નિત્ય મહાપૂજામાં ભગવાનના સૌ આશ્રિતો તન, મન, ધન અને આત્માથી સુખિયા થાય, આંતર-બાહ્ય કુસંગથી સૌની રક્ષા થાય અને વિશેષ કોરોના મહામારીથી પણ સૌની રક્ષા થાય તેવી પ્રાર્થનાઓ સંતોએ શ્રી ઠાકોરજીને કરી. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પાઠવી સૌને કૃતાર્થ કર્યાં. આ મહાપૂજાને ડિજિટલ માધ્યમથી દેશ-વિદેશના સૌ સંતો-મુક્તોએ માણી. વર્તમાન સમયે ચાલી રહેલ મહામારીને પગલે રક્ષાસૂત્ર બાંધવામાં આવ્યું નહીં, પરંતુ બહેનોએ ભાવથી બનાવેલ રાખડીઓનું સંતોને વિતરણ કરવામાં આવ્યું. સંતોએ પણ બહેનો પ્રત્યેના દૈવી અને પવિત્ર સંબંધને સદાય જાળવવાની તથા સર્વની સર્વ પ્રકારે રક્ષા થાય તે માટે પ્રભુચરણે, ગુરુચરણે યાચનાઓ કરી. ◆

## જન્માષ્ટમી ઉત્સવ

ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં કીર્તનભક્તિ સાથે યોજાયો, જેનો લાભ દેશ-પરદેશના સંતો અને ભક્તોએ ડિજિટલ માધ્યમથી પ્રાપ્ત કર્યો. આ પ્રસંગે શ્રી કૃષ્ણ માહાત્મ્ય પ્રસરાવતાં સુંદર કીર્તનો અનુપમ સૂરવૃંદના સંતો અને યુવાનોએ પ્રસ્તુત કર્યાં. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પાઠવ્યા અને પ્રભુની સત્તાનો, પ્રભુની લીલાનો સ્વીકાર કરી પ્રભુમય થવાનું માર્ગદર્શન આપ્યું. અંતે શ્રી કૃષ્ણ પ્રાગટ્યોત્સવની આરતી સદ્‌ગુરુ સંતોએ અર્પણ કરી. ◆

## 'અક્ષરવૃંદ'ના શુભારંભ

બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરતા દેશ-પરદેશના સૌ અનુપમ ભક્તોને ડિજિટલ માધ્યમથી દર અઠવાડિયે સત્સંગલાભ આપવાના રૂડા ભાવથી સત્સંગ સંવર્ધન કાર્યાલયના નેજા હેઠળ 'અક્ષરવૃંદ' પ્રવૃત્તિનો ઑગસ્ટ માસથી પ્રારંભ થયો. સંતભગવંત સાહેબજીની પ્રેરણા ને આશીર્વાદથી તેમજ સદ્‌ગુરુ સંતોનાં માર્ગદર્શન અને વરિષ્ઠ સાધુ પૂ. દિલીપદાસજીના નેતૃત્વે આ પ્રવૃત્તિ અંતર્ગત કથાવાર્તા, સંતસમાગમ, પરસ્પર સંવાદિતા અને સુહૃદભાવેયુક્ત મહિમા સહિતની ભક્તિ કરવાનાં સુવ્યવસ્થિત આયોજનો સાકાર થશે. આ સભાઓમાં મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ પ્રસંગે પ્રકાશિત થયેલ 'શાશ્વતબોધ' ગ્રંથનો આધાર લઈ અષ્ટાંગયોગ, નવધાભક્તિ, ઉપાસનાના સિદ્ધાંતો, એકાંતિક ધર્મના અધારસ્તંભ સમાન વિવિધ અધ્યાત્મમાર્ગનાં માર્ગદર્શન પ્રાપ્ત થશે. ◆

## શ્રદ્ધાંજલિ

*** કનુભાઈ પટેલ :** અનુપમ મિશનને સાહેબજીની સેનામાં યુવાન સાધુ પૂજ્ય શ્રેયસદાસજીની ભેટ આપનાર અનુપમ અક્ષરમુક્ત કનુભાઈ પટેલ ૨૮ જુલાઈના રોજ અક્ષરધામ સિધાવ્યા. તેઓનાં ધર્મપત્ની નીલામાસી, દીકરી શ્રેયાબહેન અને પરિવારનાં સૌએ જીવનના અનેક પ્રસંગોમાં ભગવાનના કર્તાપણાનો જબરદસ્ત સ્વીકાર કરી, જે આદર્શ ભક્તિનું દર્શન કરાવ્યું છે તે વંદનીય છે ! કનુકાકાએ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદામાં જીવની પ્રીતિ દૃઢ કરી, સાહેબદાદાનો પ્રગટ પ્રભુના ભાવે સ્વીકાર કર્યો અને મહિમાથી દાસભાવે સૌની ખૂબ સેવા કરી. વિશેષ તો ગુરુઆજ્ઞા શિરે ધરી તીર્થભૂમિ ધારીમાં પૂ. અરુણદાદાનાં માર્ગદર્શને અનુપમ મિશન સંચાલિત દીકરીઓની હૉસ્ટેલમાં નીલાબહેન અને કનુભાઈએ માવતર બની, સેવા કરી, પ્રભુને રાજી કરી લીધા. સદાય નિરપેક્ષ ભાવ તથા ફરિયાદ રહિતનો જ સેવાભાવ ધારી, ગુરુમુખી જીવન જીવીને પ્રેરણા દેનાર કનુકાકાને તેઓના અક્ષરધામગમન નિમિત્તે વંદન ! ◆

*** મનુભાઈ :** નવસારી મુકામે મનુભાઈએ વર્ષોથી સત્સંગની ધૂણી ધખાવી. સદ્‌ગુરુ સંતોને સેવી, સાહેબદાદામાં જીવ જોડી, મહિમા સાથે સેવામગ્ન રહ્યા. તેઓનાં ધર્મપત્ની મુક્તામાસીએ પણ ભક્તિકાર્યમાં ખૂબ સહકાર આપ્યો. તેઓની એકધારી ભક્તિને પરિણામે મંડળમાં સુહૃદભાવ અને નિષ્ઠા દૃઢ થઈ. આવા અનુપમ અક્ષરમુક્ત મનુભાઈ ૨૮ જુલાઈના રોજ અક્ષરધામ સિધાવ્યા. તેઓની વિદાયવેળાએ પરિવારને ખૂબ બળ મળે તે પ્રાર્થના સાથે તેઓને વંદન ! ◆

*** દેવજીભાઈ :** અનુપમ મિશનના સંતો સાથે અભ્યાસકાળ દરમિયાન થયેલી મિત્રતાને પરિણામે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતમાં તેઓને નિષ્ઠા થઈ અને તેને ધારીને જીવતા પ્રગટ ગુરુહરિ સાહેબદાદામાં પ્રીતિ થઈ. પછી વ્યવસાય અર્થે મૂળ વતન કચ્છમાં શિણાય નજીક જવાનું થયું ત્યારે પણ માહાત્મ્યથી સંતોને સેવતા રહ્યા. કચ્છમાં અનુપમ મિશનની સેવાકીય પ્રવૃત્તિમાં તેઓ સદાય અગ્રેસર રહી ભક્તિ કરતા રહ્યા. ભૂકંપની આપત્કાલીન સેવાઓમાં રત અનુપમ મિશનના ઘણા સંતો અને સ્વયંસેવકોને સતત દોઢ માસ સુધી પોતાના ઘરે ઉતારો આપી, તેઓના મહાપ્રસાદનાં પ્રબંધન કરી મહામૂલી સેવા તેઓએ કરી. જીવનના અંતિમ કાળમાં પણ સાહેબદાદાનાં આશીર્વચનનો સંગ્રહ, જે ગ્રંથ રૂપે પ્રકાશિત થયા છે તેનાં પઠન કરી, દૃઢ કરી ૮ ઑગસ્ટના રોજ તેઓ અક્ષરધામ સિધાવ્યા. આવા ભક્તિહૃદયી દેવજીભાઈને વંદન ! ◆





ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરની પાટોત્સવ વિધિ પારમિતા મંદિરે સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદા અને સંતો દ્વારા... ઍલનટાઉન મંદિરે સદ્‌ગુરુ સંત પૂ. બૅરિસ્ટરદાદા, સાધુ પૂ. જયેશદાસ, સાધુ પૂ. નરેન્દ્રદાસ દ્વારા



ઍલનટાઉન મંદિરે પાટોત્સવ મહાપૂજા વિધિમાં રત સંતો





ઍલનટાઉન મંદિરે પાટોત્સવ મહાપૂજા બાદ સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ





ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરના પાટોત્સવ પ્રસંગે શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ-આરતી અર્પણ













શ્રાવણ માસમાં 'ભક્તચિંતામણિ' ગ્રંથનાં પારાયણ પ્રસંગે યજમાન સ્વરૂપે સેવા કરનાર ભક્તો વતી સંતો દ્વારા પૂજન



સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના આશીર્વાદ





'ભક્તચિંતામણિ' ગ્રંથનાં પારાયણ પ્રારંભે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન... સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા દ્વારા પારાયણ



'સ્વામીની વાતું' ગ્રંથનાં પારાયણ પ્રસંગે યજમાન સ્વરૂપે સેવા કરનાર ભક્તો વતી સંતો દ્વારા પૂજન



સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના આશીર્વાદ





'સ્વામીની વાતું' ગ્રંથનાં પારાયણ પ્રસંગે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન... સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા દ્વારા પારાયણ


**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2018-20

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 17-8-20 * Office of Origin : Vitthal Udyognagar

Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



*

**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**